Friday, 07 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906



તમે તમારા ભવિષ્યને બદલી શકતા નથી, પરંતુ તમે તમારી ટેવો બદલી શકો છો, અને ચોક્કસપણે તમારી ટેવો તમારા ભવિષ્યને બદલશે. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૩૪ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

દિલ્હી ન્યુઝ

## લાચાર મહિલા, મર્યાદા ભંગ જેવા શબ્દો ટાળો : સુપ્રીમની પેનલની કોર્ટોને સલાહ

**ટ્રાયલ કોર્ટોના ૧૨૫ ચુકાદાના અભ્યાસ બાદ રિપોર્ટ જાહેરઃપીડિતા, સર્વાઈવર, ફરિયાદી, સેક્સુઅલ અસોલ્ટનો ભોગ બનેલ જેવા કાયદાકીય શબ્દોનો પ્રયોગ કરવા સલાહ**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૬**

દેશની વિવિધ અદાલતોમાં રેપ, શારીરિક શોષણના કેસોમાં મહિલાઓને લઈને કેવા શબ્દોનો પ્રયોગ ન કરવો તેને લઈને સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશની આગેવાનીમાં ગઠીત કમિટી દ્વારા રિપોર્ટ તૈયાર કરાયો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા આ રિપોર્ટને જાહેર કરવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે મહિલાઓની મર્યાદા ભંગ અને લાચાર મહિલા જેવા શબ્દોનો ઉપયોગ નહીં કરી શકાય. ખાસ કરીને જજોએ આ પ્રકારના શબ્દોનો ઉપયોગ કરતા બચવું જોઈએ તેવી સલાહ અપાઈ છે.

- (વધુ પાના નં. ૨ પર)

**દમણ કોર્ટે સજાના આપેલા ચુકાદા બાદ**

## દમણ-દીવના સાંસદ ઉમેશભાઈ પટેલે પોતાના વિરોધીઓની બોલતી બંધ કરવાના ઉત્સાહમાં લોકસભામાં કરેલી રજૂઆત કે આપેલી હાજરી ભવિષ્યમાં ભારે પડી શકે છે

**સંસદ સચિવાલય દ્વારા અયોગ્યતાની નોટિસ નહિ મળી હોય તો પણ દોષસિદ્ધિ ઉપર રોક વગર બે કે તેથી વધુ વર્ષની સજા પામેલ સાંસદને સંસદની કાર્યવાહીમાં ભાગ લેવા ઉપર પાબંદીઃ ડિસક્વોલિફાઈ થઈ ચુક્યા હોવા છતાં સંસદમાં બેસવા ઉપર પ્રતિદિન રૂા.૫૦૦ના દંડની સજા**




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૦૬**

ગત શનિવારે દમણ કોર્ટ દ્વારા સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલને બે વર્ષની સજાનો ચુકાદો આવ્યા બાદ દમણ અને દીવ તથા દાદરા નગર હવેલી સહિત આજુબાજુના વિસ્તારોમાં સાંસદશ્રીના પદને લઈ અનેક તર્ક-વિતર્કો સાથે કેટલીક ધડ-માથા વગરની વાતો પણ વહેતી થઈ છે. તેમાં શ્રી ઉમેશભાઈ પટેલે ઉત્સાહના અતિરેકમાં અથવા પોતાના વિરોધીઓની બોલતી બંધ કરવા તેમણે સંસદમાં કરેલી રજૂઆત અને આપેલી હાજરીના પુરાવાઓ સોશિયલ મીડિયામાં વહેતા કર્યા છે. પ્રવર્તમાન કાનૂની પ્રાવધાન અને નીતિ-નિયમો મુજબ કોઈપણ ગુનામાં જે સાંસદને દોષસિદ્ધિનો બે કે તેથી વધુ વર્ષની સજાનો ઓર્ડર થયો હોય તેઓ સંસદની કાર્યવાહીમાં હિસ્સો નથી લઈ શકતા, ભલે સંસદ સચિવાલયે અયોગ્યતા (ડિસક્વોલિફિકેશન)નું ઔપચારિક નોટિફિકેશન જારી નહીં કર્યું હોય.

સુપ્રિમ કોર્ટના લિલ્લી થોમસ કેસ(૨૦૧૩)ના ઐતિહાસિક ચુકાદા મુજબ અયોગ્યતા અદાલતની સજાના દિવસથી જ ઓટોમેટિકલી લાગુ થઈ જતી હોય છે. સંસદ દ્વારા નોટિફિકેશન જારી કરવું ફક્ત એક પેપરવર્કની ઔપચારિકતા છે. કાયદાની નજરમાં તે વ્યક્તિ તે ક્ષણથી જ અયોગ્ય થઈ ચુક્યો હોય છે.

આ સ્થિતિમાં નીચે પ્રમાણેના નિયમો લાગુ થતાં હોય છે.

**સભ્યપદ ઓટોમેટિકલી સમાપ્તઃ-** બંધારણના અનુચ્છેદ ૧૦૧(૩)(એ)ના અંતર્ગત કોઈ સાંસદ અયોગ્યતાની દાયરામાં આવતાની સાથે જ તેમની સીટ તાત્કાલિક ખાલી થઈ હોવાનું માનવામાં આવે છે.

લોકસભા અથવા રાજ્યસભા સચિવાલયની અધિસૂચના ફક્ત વેકન્સી ખાલી થઈ હોવાની વાતની ઘોષણા કરે છે, તેઓ અયોગ્યતાની તારીખ નક્કી નથી કરતા.

**સ્વયંની જાણકારી અને દંડઃ-** સંવિધાનની કલમ ૧૦૪ અંતર્ગત જો કોઈ વ્યક્તિ એ જાણે છે કે, પોતે અયોગ્ય(ડિસક્વોલિફાઈ) થઈ ચુક્યા છે છતાં તેઓ સંસદમાં બેસે છે અથવા વોટ કરે છે તો તેને પ્રતિદિન રૂા.૫૦૦નો દંડ આપવો પડશે.

અહીં સાંસદ એ બહાનુ નહિ બનાવી શકે કે, મને સંસદથી હજુ સુધી નોટિસ મળી નથી. કારણ કે તેને અદાલતના આદેશની જાણકારી પહેલાંથી જ હોય છે.

**વોટ અને કાર્યવાહી શૂન્યઃ** જો કોઈ સજા પામેલ સાંસદ નોટિફિકેશન જારી થવાના પહેલાં સાંસદની કોઈ કાર્યવાહીમાં ભાગ લીધો હોય અથવા કોઈ કાનૂન પર વોટ આપ્યો હોય તો તેની ઉપસ્થિતિને અવૈધ માનવામાં આવશે અને તેના વોટને ગણતરીમાં નહિ લેવાશે.

**કાર્યવાહીમાં હિસ્સો લેવાનો એકમાત્ર ઉપાયઃ-** સાંસદ સંસદની કાર્યવાહીમાં ફક્ત અને ફક્ત એક શરત ઉપર ભાગ લઈ શકે છે, જો તેઓ અદાલતના ચુકાદાને તાત્કાલિક ઉપરી અદાલત હાઈકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટમાં અપીલ કરે અને અદાલત તેની દોષસિદ્ધિ(કન્વીક્શન) ઉપર પુરી રીતે રોક લગાવી દે. જ્યાં સુધી અદાલતથી સ્ટે નહિ મળે સંસદ સચિવાલયનો પત્ર આવ્યો હોય અથવા નહિ તે વ્યક્તિ કાનૂની રૂપથી સાંસદ નથી રહેતો.

અત્રે આ પરિસ્થિતિ જોતાં **દમણ અને દીવ વિસ્તાર લોકસભામાં પોતાના પ્રતિનિધિત્વથી વંચિત થયો છે. જ્યાં વિધાનસભા નથી તેવા સંઘપ્રદેશોમાં દેશની સૌથી મોટી પંચાયત લોકસભામાં સાંસદ જ એકમાત્ર પોતાના વિસ્તારનો અવાજ અને ચિત્ર રજૂ કરનાર લોકપ્રતિનિધિ છે.**

## દાનહના રખોલી ગામમાં જમીન સોદામાં કથિત છેતરપિંડીનો આરોપઃ બે બહેનોએ કલેક્ટર અને પોલીસ સમક્ષ ન્યાયની કરેલી માંગ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સેલવાસ, તા.૦૬**



દાનહના રખોલી ગામમાં જમીન વેચાણને લઈને નવો વિવાદ સામે આવ્યો છે. બે સગી બહેનોએ વેચાણ દસ્તાવેજ (સેલ ડીડ)માં કથિત ગેરરીતિ અને છેતરપિંડીના આક્ષેપો સાથે કલેક્ટર, મામલતદાર, સબ-રજિસ્ટ્રાર, પોલીસ અધિક્ષક અને સેલવાસ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદી દક્ષાબેન હિતેશભાઈ ધોડી અને ચંપાબેન પ્રકાશભાઈ પટેલનો આક્ષેપ છે કે તેમની પિતૃક જમીનના વેચાણ સંબંધિત દસ્તાવેજો તેમની સંપૂર્ણ જાણકારી અને સમજણ વિના તૈયાર કરવામાં આવ્યા હતા. તેમનું કહેવું છે કે, દસ્તાવેજ અંગ્રેજીમાં હોવાથી તેની શરતો તેમને સમજાવવામાં આવી નહોતી અને સંપૂર્ણ માહિતી આપ્યા વગર તેમના હસ્તાક્ષર લેવામાં આવ્યા હતા. ફરિયાદ મુજબ, વેચાણની રકમમાંથી દરેક ફરિયાદીના હિસ્સામાંથી અંદાજે રૂા.૭.૪૨ લાખ NA કન્વર્ઝન પ્રીમિયમના નામે કાપવામાં આવ્યા હતા. ફરિયાદીઓનો દાવો છે કે આ કપાત માટે તેમની સ્વતંત્ર અને સ્પષ્ટ સંમતિ લેવામાં આવી નહોતી.

ફરિયાદમાં વધુ એક ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે કે, વેચાણ દસ્તાવેજમાં તેમની સ્વર્ગસ્થ માતાના નામે એવા ચૂકવણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે તેમની માતાના અવસાન બાદની તારીખનો છે. ફરિયાદીઓનું કહેવું છે કે તેમની માતાનું વર્ષ ૨૦૨૨માં અવસાન થઈ ગયું હતું. જ્યારે દસ્તાવેજમાં વર્ષ ૨૦૨૪માં તેમના નામે ચૂકવણી દર્શાવવામાં આવી છે. તેમના મુજબ આ નોંધ શંકાસ્પદ છે અને તેની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. ફરિયાદમાં એ પણ માંગ કરવામાં આવી છે કે તેમના હિસ્સા સંબંધિત વેચાણ દસ્તાવેજને અમાન્ય જાહેર કરવામાં આવે તેમજ તપાસ પૂર્ણ ન થાય ત્યા સુધી ખરીદદારના નામે કોઈપણ પ્રકારનું નામંતરણ (મ્યુટેશન) ન કરવામાં આવે.

આ દરમિયાન ફરિયાદીઓએ એક પૂરક ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે ફરિયાદ નોંધાવ્યા બાદ થોડા જ સમયમા ખરીદદાર પક્ષના લોકો દ્વારા મજૂરો અને જેસીબી મશીનની મદદથી તેમના પિતૃક મકાનને કોઈ પૂર્વ સૂચના, તેમની મંજૂરી અથવા કોઈ સક્ષમ કોર્ટ કે સત્તાધિકારીના આદેશ વિના તોડી પાડવામાં આવ્યું હતું. તેમણે આ ઘટનાને કાયદા વિરૂદ્ધ ગણાવી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ફરિયાદીઓએ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરીને જવાબદારો સામે કાનૂની કાર્યવાહી કરવાની અને તેમને ન્યાય અપાવવાની માંગ કરી છે.

**રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દમણ એડવોકેટ્સ બાર એસોસિએશનના સહયોગથી**

## આજે દમણની સરકારી કોલેજમાં કાનૂની સાક્ષરતા કાર્યક્રમ યોજશે

**વિદ્યાર્થીઓને કાયદા, મહિલા અધિકારો અને ડ્રગ્સ મુક્તિ અંગે શિક્ષિત કરવામાં આવશે**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૦૬**

રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણ એડવોકેટ્સ બાર એસોસિએશનના સહયોગથી, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ દમણની સરકારી કોલેજ ખાતે કાનૂની સાક્ષરતા કાર્યક્રમનું આયોજન કરશે. આ કાર્યક્રમ સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થશે. આ કાર્યક્રમનો હેતુ નાગરિકોમાં, ખાસ કરીને વિદ્યાર્થીઓમાં કાનૂની જાગૃતિ વધારવાનો છે. આ અવસરે વિવિધ વકીલો અને કાનૂની નિષ્ણાતો નીચેના વિષયો પર માહિતી પ્રદાન કરશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, દમણના સભ્ય સચિવ શ્રી ઓમકાર જે. કુલકર્ણી શુક્રવારે દમણ કોલેજ ખાતે યોજાનારા કાનૂની સાક્ષરતા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરશે. આ પહેલા, એડવોકેટ શ્રી મયંક પટેલ આરોગ્ય અધિકારો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે

- (વધુ પાના નં.૨ પર)

## ‘માય ભારત’ દ્વારા દમણની શૈક્ષણિક સંસ્થાઓમાં ‘જેમ્સ ઓફ ઈન્ડિયા’ જાગૃતિ કાર્યક્રમો યોજાયા



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૦૬**

‘‘જેમ્સ ઓફ ઈન્ડિયા’’એ ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આયોજિત એક રાષ્ટ્રવ્યાપી પહેલ અને ડિજિટલ વિડિયો સ્પર્ધા છે. તેનો ઉદ્દેશ્ય દેશભરના પાયાના ડિજિટલ સર્જકોને શોધવા અને પ્રોત્સાહન આપવાનો અને સ્થાનિક સંસ્કૃતિ, વારસો અને વાર્તાઓ માટે વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. આ પહેલ અંતર્ગત ‘માય ભારત’ દ્વારા દમણની શૈક્ષણિક સંસ્થાઓમાં ‘જેમ્સ ઓફ ઈન્ડિયા’ જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણના ડેપ્યુટી કલેક્ટર શ્રી પ્રિયાંશુ સિંહના માર્ગદર્શન હેઠળ ‘જેમ્સ ઓફ ઈન્ડિયા’ પહેલ અંતર્ગત, ‘માય ભારત’ દ્વારા દમણની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ - સરકારી એન્જિનિયરિંગ કોલેજ (GEC), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી(NIFT); અને સરકારી કોલેજ-દમણમાં જાગૃતિ અને ભાગીદારી અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને યુવાનોમાં આ પહેલ વિશે જાગૃતિ લાવવાનો અને તેમની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવાનો હતો. અભિયાન દરમિયાન, દમણ જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યુવાઓ સુધી પહોંચવા અને તેમને આ રાષ્ટ્રીય પહેલમાં જોડાવા અને સક્રિયપણે ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઝુંબેશ દરમિયાન, વિદ્યાર્થીઓને ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયની ‘જેમ્સ ઓફ ઈન્ડિયા’ પહેલના હેતુ, મહત્ત્વ અને વિવિધ પાસાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. સરકારી એન્જિનિયરીંગ કોલેજ દમણ, નિફ્ટ અને સરકારી કોલેજમાં યોજાયેલા જાગૃતિ સત્રો દરમિયાન, ‘માય ભારત’ના ડિસ્ટ્રિક્ટ યુથ ઓફિસરોની સાથે વિદ્યાર્થીઓને સીધી રીતે જોડવામાં આવ્યા હતા અને તેમને પહેલ, ભાગ લેવાની પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી અને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સક્રિયપણે ભાગ લેવા અને તેમના સહપાઠીઓ અને અન્ય યુવાઓ સુધી આ વાત પહોંચાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જેથી ઝુંબેશનો વિસ્તાર વધુ વ્યાપક બને. આ અભિયાન ભારતની સિદ્ધિઓ, પ્રેરણાદાયી વ્યક્તિત્વો, સમૃદ્ધ વારસો અને વિવિધ ક્ષેત્રોમાં દેશના નોંધપાત્ર યોગદાન વિશે જાગૃતિ લાવવામાં યુવાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડે છે. સંસ્થાકીય સ્તરે આવી પ્રવૃત્તિઓ દ્વારા, ‘માય ભારત’નો ઉદ્દેશ્ય શક્ય તેટલા વધુ યુવાઓ સુધી રાષ્ટ્રીય મહત્ત્વની પહેલો અને કાર્યક્રમો વિશે માહિતી પહોંચાડવાનો અને તેમાં અર્થપૂર્ણ ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે.

દમણની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આયોજિત આ જાગૃતિ અભિયાનને વિદ્યાર્થીઓ તરફથી ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ અને ભાગીદારી મળી. આ પહેલ યુવાઓની ભાગીદારીને મજબૂત બનાવવા અને રાષ્ટ્રીય મહત્ત્વના કાર્યક્રમો અને ઝુંબેશો વિશે વ્યાપક જનજાગૃતિ લાવવાની દિશામાં કરવામાં આવી રહેલા વ્યાપક યાસોનો એક ભાગ છે.




Molbio is an innovative point-of-care diagnostics company focused on expanding access to accurate, rapid and cost-effective healthcare technologies to diagnose infectious and non-infectious diseases.

The company has strong in-house R&D capabilities with 153 permanent employees, including 136 scientists and a proven track record of developing innovative diagnostic products.

Molbio's flagship innovation, Truenat®, is a novel portable multi-disease diagnostic platform patented in over 100 countries. As of March 31, 2025, it can diagnose 30 diseases.

Truenat® is one of only two rapid molecular tests in the world endorsed by the WHO for the initial diagnosis of tuberculosis (TB) and the detection of rifampicin resistance detection using molecular diagnostic technology. (Source: 1Lattice Report)

Molbio's product portfolio also includes solutions for radiology, digital pathology, and breast health screening through its subsidiaries, Prognosys Medical Systems Private Limited and OptraScan, as well as its collaboration partner, UE Lifesciences.

Molbio's products are offered globally across public health programs, diagnostic laboratories, and both private and public hospitals.

molbio® INNOVATE • IMPACT • INSPIRE
Molbio Diagnostics Limited
molbiodiagnostics.com

**MOLBIO DIAGNOSTICS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the RHP dated August 3, 2026 with RoC and the Stock Exchanges. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, and is available on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.molbiodiagnostics.com and the websites of the Kotak Mahindra Capital Company Limited, IIFL Capital Services Limited (formerly known as IIFL Securities Limited), Jefferies India Private Limited and Motilal Oswal Investment Advisors Limited at https://investmentbank.kotak.com, www.iiflcapital.com, www.jefferies.com and www.motilaloswal.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *“Risk Factors”* beginning on page 28 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **“U.S. Securities Act”**) or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in “offshore transactions” as defined in and in reliance on, Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.




## સુવિચાર - સદ્‌વિચાર

દરેક મુશ્કેલી પાછળ એક તક છુપાયેલી છે,
તેને શોધો, અને જીવનને બદલાવો.

## કવિતા

### સંતોષ સુખ કી ખાન હૈ

સંતોષ સુખ કી ખાન હૈ, દુઃખ તૃષ્ણા દેખ,
કામકીટ નરકકુંડ મેં, સપી નારકી સેખ,

સપી નારકી સેખ, બિન અસંતોષ વિકારી,
તે ઘટ શીલ સંતોષ, આત્મપદ ઓ અવતારી.

સંતોષ બિન સર્વ ગુણ સૂના, યા મેં મીન ન મેખ,
સંતોષ સકલ સુખન કી સીડી, દુઃખતૃષ્ણા દેખ.

- આત્મદાસ

## આજની જોક

મગન : 'મમ્મી, પરી ઊડી શકે?'
મમ્મી : 'હા મગન, પણ તું શા માટે પૂછે છે?'
મગન : 'આપણી નવી કામવાળી ઊડી શકે?
પપ્પા તેને પરી કહેતા હતા.'
મમ્મી : 'એ પરી કાલે ઊડી સમજ!'




## કબીર વાણી

**મક્કે મદિનેમેં ગયા, વહાંભી હરકા નામ,**
**મેં તુંજ પુછું હે સખી, કિન દેખા કિસ ઠામ?**

**-અર્થાત-**

મક્કા-મદિનામાં ગયા તો ત્યાંએ માલેકનું નામ તો છેજ, પણ (મુસલીમ ધર્મવાળાઓને કબીરજી કહે છે કે) ઓ મારી બેહેન, તું મને દેખાડ કે મક્કા-મદિનામાં કયે ઠેકાણે તેં ઈશ્વરને જોયો? અર્થાત- કબીરજીનું કહેવું એમ છે કે માલેક આપણાથી બાહેર નથી, પણ આપણાં અંતરમાંજ તે રહેલો છે.



## ચાણક્ય ઉવાચ

**વિદ્યા મિત્રં પ્રવાસેષુ...**

**-અર્થાત-**

મુસાફરીમાં વિદ્યા(જ્ઞાન) મિત્ર છે, ઘરના લોકોમાં પત્ની મિત્ર છે, રોગમાં ઓષધ મિત્ર છે અને મૃત્યુ પછી ધર્મ જ સાચે મિત્ર છે.

## આજનો દિન વિશેષ

### એમ. એસ. સ્વામિનાથન



માનકોમ્બુ સંબાસિવન સ્વામિનાથન (૭ ઓગસ્ટ ૧૯૨૫ - ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૩) એક ભારતીય આનુવંશિકશાસ્ત્રી અને વનસ્પતિ સંવર્ધક, પ્રશાસક અને માનવતાવાદી હતા. સ્વામિનાથન હરિયાળી ક્રાંતિના વૈશ્વિક નેતા હતા. તેમને ભારતમાં હરિયાળી ક્રાંતિના મુખ્ય શિલ્પી કહેવામાં આવે છે, કારણ કે તેમના નેતૃત્વ અને ઘઉં અને ચોખાની ઉચ્ચ ઉપજ આપતી જાતો રજૂ કરવામાં અને વધુ વિકસાવવામાં તેમની ભૂમિકા હતી.

સ્વામીનાથનના નોર્મન બોરલોગ સાથે સહયોગી વૈજ્ઞાનિક પ્રયાસો, ખેડૂતો અને અન્ય વૈજ્ઞાનિકો સાથે એક જન આંદોલનનું નેતૃત્વ અને જાહેર નીતિઓના સમર્થનથી, ૧૯૬૦ ના દાયકામાં ભારત અને પાકિસ્તાનને દુષ્કાળ જેવી પરિસ્થિતિઓમાંથી બચાવ્યા. ફિલિપાઈન્સમાં આંતરરાષ્ટ્રીય ચોખા સંશોધન સંસ્થા (IRRI) ના ડિરેક્ટર જનરલ તરીકેના તેમના નેતૃત્વએ તેમને ૧૯૮૭ માં પ્રથમ વિશ્વ ખાદ્ય પુરસ્કાર એનાયત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જે કૃષિ ક્ષેત્રના સર્વોચ્ચ સન્માનોમાંના એક તરીકે ઓળખાય છે. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમે તેમને "આર્થિક ઈકોલોજીના પિતા" તરીકે ઓળખાવ્યા છે. તેમને તાજેતરમાં ૨૦૨૪ માં ભારત રત્ન, ભારતીય પ્રજાસત્તાકનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

## આજની યાત્રા



### સુવર્ણ મંદિર સંકુલનો સંપૂર્ણ દૃશ્ય

સુવર્ણ મંદિર એ ભારતના પંજાબના અમૃતસરમાં સ્થિત એક ગુરૂદ્વારા છે. તે શીખ ધર્મનું મુખ્ય આધ્યાત્મિક સ્થળ અને તેનું સૌથી પવિત્ર સ્થળ છે. ગુરૂદ્વારા સંકુલ ગર્ભગૃહ અને સરોવર(પવિત્ર પૂલ)ની આસપાસની ઈમારતોનો સંગ્રહ છે. આમાંથી એક અકાલ તખ્ત છે, જે પંજ તખ્ત (શીખ ધર્મમાં સત્તાના પાંચ સ્થાનો)નો ભાગ છે અને શીખ ધર્મના ધાર્મિક અધિકારનું મુખ્ય કેન્દ્ર છે. વધારાની ઈમારતોમાં ઘડિયાળ ટાવર, શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિની કચેરીઓ, એક સંગ્રહાલય અને લંગરનો સમાવેશ થાય છે. એક મફત શીખ સમુદાય દ્વારા સંચાલિત રસોડું જે ભેદભાવ વિના બધા મુલાકાતીઓને શાકાહારી ભોજન આપે છે. દરરોજ ૧,૫૦,૦૦૦ થી વધુ લોકો પૂજા માટે આ મંદિરની મુલાકાત લે છે. ગુરુદ્વારા સંકુલને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે નામાંકિત કરવામાં આવ્યું છે, અને તેની અરજી યુનેસ્કોની કામચલાઉ યાદીમાં પેન્ડિંગ છે.

ગુરૂદ્વારાના સ્થળ પરનો પૂલ ૧૫૭૭માં ચોથા શીખ ગુરુ, ગુરુ રામ દાસ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો હતો. ૧૬૦૪માં, પાંચમા શીખ ગુરુ, ગુરુ અર્જને સુવર્ણ મંદિરમાં આદિ ગ્રંથની એક નકલ મૂકી અને તેના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી. શીખો પર જુલમ થયા પછી અને મુઘલ અને આક્રમણકારી અફઘાન સૈન્ય દ્વારા ઘણી વખત નાશ પામ્યા પછી ગુરુદ્વારાનું વારંવાર પુનર્નિર્માણ કરવામાં આવ્યું. મહારાજા રણજીત સિંહે, શીખ સામ્રાજ્યની સ્થાપના કર્યા પછી, ૧૮૦૯માં તેને આરસ અને તાંબાથી ફરીથી બનાવ્યું, અને ૧૮૩૦માં ગર્ભગૃહને સોનાના પાનથી મઢ્યું. આના કારણે સુવર્ણ મંદિર નામ પડ્યું.

### સામાન્ય માણસનું બજેટ વધુ ખોરવાયું

# તેલ, દાળથી દૂધ-ખાંડ સુધી ૯૯% રાશન મોંઘું થયું

### અમેરિકા-ઈરાન યુદ્ધ અને નબળા ચોમાસાની બેવડી અસરથી છેલ્લા ૫ મહિનામાં ખાદ્યચીજોના ભાવ આસમાને

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૦૬**




વર્ષ ૨૦૨૬ ની શરૂઆત ભલે સારી રહી હોય, પરંતુ છેલ્લા ૫ મહિનામાં મોંઘવારીએ સામાન્ય માણસની કમર તોડી નાખી છે. રાશનની દુકાને મળતા તેલ અને કઠોળથી લઈને રોજિંદા વપરાશના દૂધ અને ખાંડ સુધીની ૯૯% વસ્તુઓના ભાવમાં તોતિંગ વધારો ઝીંકાયો છે.

આ ભાવવધારા પાછળનું મુખ્ય કારણ ફેબ્રુઆરી મહિનામાં શરૂ થયેલું ઈરાન અને અમેરિકા વચ્ચેનું યુદ્ધ છે, જેની વૈશ્વિક અસર ભારતના બજારો પર પણ પડી છે. આ ઉપરાંત દેશમાં નબળા ચોમાસાના કારણે પણ ઉત્પાદન ઘટ્યું છે. પરિણામે, આગામી તહેવારોની સિઝનમાં લોકોના ખિસ્સા પર મોંઘવારીનો આ માર વધુ આકરો બનવાનો છે.

૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું હતું. આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાયેલી આ અસ્થિરતાના કારણે ઈંધણથી લઈને રોજિંદી ખાદ્ય સામગ્રી મોંઘી થવા લાગી. ગ્રાહક બાબતોના વિભાગ (Department of Consumer Affairs) ની પ્રાઈસ મોનિટરિંગ સિસ્ટમનો તાજેતરનો રિપોર્ટ દર્શાવે છે કે બજારમાં લગભગ ૯૯ ટકા રાશનની વસ્તુઓના ભાવ વધી ગયા છે. છેલ્લા પાંચ મહિનાથી જનતા આ વૈશ્વિક આપત્તિ અને મોંઘવારીનો ભોગ બની રહી છે.

સરકારી રિપોર્ટ અનુસાર, બજારમાં ૩૬ મુખ્ય ખાદ્ય ચીજવસ્તુઓમાંથી ૩૫ વસ્તુઓના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. તેમાં પણ ખાસ કરીને ખાદ્યતેલ અને કઠોળના ભાવ સૌથી વધુ ઝડપથી વધ્યા છે. કૃષિ નિષ્ણાતોનું માનીએ તો, કઠોળના ભાવ વધવા પાછળનું એક મોટું કારણ આ વર્ષે પડેલો ઓછો વરસાદ છે. જુલાઈ મહિનાના અંત સુધીના આંકડા મુજબ, ખરીફ કઠોળનું વાવેતર અને પાક ગયા વર્ષની સરખામણીમાં લગભગ ૭% ઓછો રહ્યો છે. સ્થાનિક ઉત્પાદન ઘટવાને કારણે આપણે બહારથી વધુ આયાત કરવી પડી રહી છે, જે સીધી રીતે કિંમતોમાં વધારો કરી રહી છે.

ઓગસ્ટ મહિનાથી જ ભારતમાં તહેવારોની લાંબી વણઝાર શરૂ થઈ જાય છે. પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે, અને ત્યારબાદ રક્ષાબંધન, તીજ, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, નવરાત્રિ, દશેરા અને દિવાળી જેવા મોટા તહેવારો એકપછી એક આવવાના છે. તહેવારોની સિઝનમાં મીઠાઈઓ અને પકવાનો બનતા હોવાથી તમામ ખાદ્ય પદાર્થોની માંગમાં ભારે ઉછાળો આવે છે. જો વૈશ્વિક સ્તરે યુદ્ધની આ જ સ્થિતિ યથાવત્ રહેશે અને પુરવઠો ખોરવાયેલો રહેશે, તો તહેવારો દરમિયાન સામાન્ય માણસ માટે ફુગાવો હજુ વધુ આકરો સાબિત થઈ શકે છે.

### ગેંગવોર અને વર્ચસ્વની લડાઈ કારણ હોવાની આશંકા

# સુરત ભેસ્તાન સતીષ મરાઠા હત્યા કેસ, ૪ સગીર સહિત ૮ આરોપી ઝડપાયા

**તાપી LCB અને સુરત ક્રાઇમ બ્રાન્ચે ઉછલમાંથી મુખ્ય આરોપીઓ સહિત ૮ જણને દબોચી લીધા**





**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૬**

સુરતના ભેસ્તાન વિસ્તારમાં આવેલા સરસ્વતી આવાસ પાસે સતીષ ઉર્ફે સતીષ મરાઠા નામના યુવકની જૂની અદાવતમાં થયેલી સનસનાટીભરી હત્યાનો પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો છે. તાપી જિલ્લા LCB અને સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઉછલ વિસ્તારમાંથી મુખ્ય આરોપીઓ સહિત ૮ જણાને દબોચી લીધા છે.

પકડાયેલાઓમાં ૪ પુખ્તવયના આરોપીઓ અને ૪ સગીરનો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મૃતક સતીષ મરાઠા અને આરોપીઓ વચ્ચે લાંબા સમયથી જૂની દુશ્મનાવટ ચાલતી હતી. આરોપીઓને પોતાના જીવ પર જોખમ જણાતાં તેમણે કાવતરું ઘડીને સતીષ પર પોઈન્ટ બ્લેંક રેન્જથી ફાયરિંગ કર્યું હતું અને તીક્ષ્ણ હથિયારો વડે ઘાતક હુમલો કરીને તેની હત્યા કરી નાખી હતી.

આ મામલે પોલીસે ઝડપી પાડેલા પુખ્ત આરોપીઓમાં કેતન ઉર્ફે સન્ની સીરસાઠ, રાહુલ ઉર્ફે બટકો દુબે, કરણ ઉર્ફે પુદુલ દુબે અને અજીત ઉર્ફે જસ્ટીન ગોસ્વામી સહિત અન્ય ૪ સગીરનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે હાલ જેલમાં બંધ રાહુલ સોમન મંડલ આ સમગ્ર મર્ડર કેસનો મુખ્ય કાવતરાખોર છે. જ્યારે આરોપીઓને મદદ કરનાર રાહુલ બબ્બન કાપુરે અને રીંકુ નામના બે શખસો હજુ વોન્ટેડ છે, જેમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.સંયુક્ત ઓપરેશન દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી ૨ પિસ્તોલ, ૧ દેશી તમંચો અને ૩ મોપેડ કબ્જે કર્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, મૃતક સતીષ મરાઠા પોતે પણ ગુનાઈત ભૂતકાળ ધરાવતો હતો. તે અગાઉ ચર્ચિત સૂર્યા મરાઠી મર્ડર કેસ સહિત અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હતો, જેના કારણે જ તેની હત્યા પાછળ ગેંગવોર અને વર્ચસ્વની લડાઈ મુખ્ય કારણ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**આજે દમણની સરકારી...**

કલ્યાણકારી યોજનાઓ, કૌશલ્ય ભારત મિશન, ડિજિટલ કૌશલ્ય તાલીમ અને પ્રધાનમંત્રી વન ધન યોજના વિશે માહિતી પ્રદન કરશે.

એડવોકેટ શ્રીમતી અલ્પા મોદી રેગિંગ વિરોધી કાયદાઓ વિશે કાનૂની જાગૃતિ પ્રદાન કરશે. શ્રીમતી પૂનમ દેસાઈ મહિલા અધિકારો અને દહેજ પ્રતિબંધ કાયદા અંગે જાગૃતિ લાવશે. ત્યારબાદ એડવોકેટ શ્રી મિલન પટેલ NALSAની DAWN યોજના ૨૦૨૫ હેઠળ ડ્રગ્સમુક્ત ભારત અભિયાન અને ડ્રગ્સ નિવારણ અંગે જાગૃતિ લાવશે.

રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા આયોજિત, આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકોને તેમના કાનૂની અધિકારો, મહિલા સુરક્ષા, સામાજિક કલ્યાણ યોજનાઓ, વ્યસન મુક્તિ અને ન્યાયની સરળ પહોંચ વિશે શિક્ષિત કરવાનો છે. કાયદા વિશે જાહેર જાગૃતિ વધારવા માટે ઓથોરિટી સમયાંતરે આવા કાનૂની સાક્ષરતા કાર્યક્રમોનું આયોજન કરે છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**લાચાર મહિલા, મર્યાદા...**

દેશભરમાં ૧૨૫ ટ્રાયલ કોર્ટના ચુકાદાઓનો એક કમિટી દ્વારા વિસ્તૃત અભ્યાસ કરવામાં આવ્યો હતો. જે અંગે બાદમાં જજમેન્ટ્સ એન્ડ જેન્ડર સેન્સિટિવિટી ટાઈટલથી રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. બાદમાં પેનલ દ્વારા કેટલીક ભલામણો કરવામાં આવી છે જેમાં એવી સલાહ આપવામાં આવી છે કે જજોએ રેપ, શારીરિક શોષણ જેવા મામલાઓની સુનાવણી દરમિયાન વધુ સંવેદનશીલતા દાખવવી જોઈએ, અને રૂઢિવાદી શબ્દોનો પ્રયોગ ટાળવો જોઈએ. પીડિતોઓને જ બદનામ કરતા સવાલો પણ ટાળવા જોઈએ, આરોપીની સાથે વાતચીત કરવા માટે પીડિતા પર દબાણ પણ ન થવું જોઈએ. અદાલતો દ્વારા એક લાચાર નિઃસહાય સગીરા કે યુવતી કે મહિલા જેવા શબ્દોનો પ્રયોગ ટાળવો જોઈએ, મહિલાનું ઓનર, શેમ, લાજ, મર્યાદા વગેરે શબ્દોનો પ્રયોગ પણ ટાળવો જોઈએ.

સુપ્રીમ કોર્ટ દ્વારા આ નિષ્ણાતોની પેનલનો વિસ્તૃત રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. પેનલે કેવા શબ્દોનો પ્રયોગ કરવો જોઈએ તેની પણ સલાહ આપી છે જેમ કે પીડિત, સર્વાઈવર, ફરિયાદી, શારીરિક શોષણનો ભોગ બનેલી વગેરે કાયદાકીય શબ્દોનો પ્રયોગ કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ અનિરુદ્ધ બોઝની આગેવાનીમાં ગઠીત કમિટી દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

### Gen Z આકર્ષવા પ્રયાસ

# PM મોદીની રીલ્સ બાદ હવે રાહુલ ગાંધીએ શરૂ કર્યું Ask Me Anything સેશન

**લોકસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે, તેમણે X પર જાહેરાત કરી કે તેઓ વિદ્યાર્થીઓ અને Gen Z ના પ્રશ્નોના જવાબ આપશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૬**

આવતા વર્ષે ઉત્તર પ્રદેશ અને પંજાબ સહિત અનેક રાજ્યોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ પૂર્વે તમામ રાજકીય પક્ષોએ યુવા મતદારો, ખાસ કરીને 'Gen Z' (નવી પેઢીના યુવાનો)ને પોતાની તરફ આકર્ષવા માટે સોશિયલ મીડિયા પર સક્રિયતા વધારી દીધી છે. દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓના વિરોધ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ રીલ્સ દ્વારા યુવાનો સાથે સંવાદ સાધવાનો પ્રયાસ કર્યો હતો. હવે તેના જ જવાબરૂપે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ Gen Z સુધી પહોંચવા ઈન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી એનિથિંગ' (Ask Me Anything) સત્ર શરૂ કર્યું છે.

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ શેર કરતા લખ્યું હતું કે, 'વિદ્યાર્થીઓ અને Gen Z, હું તમારી વાત સાંભળવા માટે અહીં ઉપસ્થિત છું. તમે ઈન્સ્ટાગ્રામ પર મને કોઈ પણ પ્રશ્ન પૂછી શકો છો, અને હું શક્ય તેટલા વધુ પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયાસ કરીશ.' આ સાથે જ તેમણે એક ખાસ લિંક પણ શેર કરી છે, જેના દ્વારા યુવાનો પોતાના પ્રશ્નો સીધા જ મોકલી શકશે.

રાહુલ ગાંધીની આ પહેલ એવા સમયે સામે આવી છે જ્યારે કેન્દ્રીય સ્તરે પણ યુવાનો સાથે જોડાવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ વધી રહ્યો છે. નોંધનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કેન્દ્રીય મંત્રીઓને યુવાનોમાં લોકપ્રિય એવા ઈન્સ્ટાગ્રામ પર વધુ સક્રિય રહેવા, રીલ્સ બનાવવા અને યુવા પેઢી સાથે સીધો સંવાદ વધારવાની સલાહ આપી હતી.

તાજેતરમાં NEET-UG પરીક્ષામાં કથિત ગેરરીતિઓને લઈને દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓએ યોજેલા વિરોધ પ્રદર્શનમાં સોશિયલ મીડિયાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈન્સ્ટાગ્રામ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા યુવાનોએ આ આંદોલનને દેશભરમાં પહોંચાડ્યું હતું.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ આગામી ચૂંટણીઓ પહેલા તમામ મોટા પક્ષો યુવાનોની આકાંક્ષાઓ અને પ્રશ્નોને સીધા સાંભળવા માટે ડિજિટલ પ્લેટફોર્મનો સહારો લઈ રહ્યા છે.

### સુરતમાં બેફામ કારચાલકે મેડિકલ સ્ટુડન્ટને ઉડાવી

# કોલેજ જવા નીકળેલી માસૂમની પીઠ પર કાર ચડાવી ચાલક ફરાર, દીકરીનું મોત



### અકસ્માત કર્યા બાદ બાદ દીકરીની મદદ કરવાની જગ્યાએ ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૬**

શહેરમાં ફરી એકવાર બેફામ વાહનચાલકના લીધે એક આશાસ્પદ યુવતીએ જીવ ગુમાવવો પડ્યો છે. સિવિલ હોસ્પિટલ નજીકના બ્રિજ પર બનેલી હિટ એન્ડ રનની ગંભીર ઘટનામાં ૨૨ વર્ષીય મેડિકલ સ્ટુડન્ટ સ્નેહા ઘોરીનું કરુણ મોત નીપજ્યું છે. ભવિષ્યમાં સાઈકિયાટ્રિસ્ટ બનીને સમાજની સેવા કરવાના ઓરતા સેવતી માસૂમ દીકરીના તમામ સપના એક બેદરકાર કારચાલકની અડફેટે ચૂરચૂર થઈ ગયા છે.

બોમ્બે માર્કેટ નજીક નવજીવન સોસાયટીમાં રહેતા અને એમ્બ્રોઈડરીનું કારખાનું ચલાવતા પ્રકાશભાઈ ઘોરીની દીકરી સ્નેહા સાયકોલોજીમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરતી હતી. રોજની જેમ તે પોતાની ઈલેક્ટ્રિક મોપેડ લઈને કોલેજ જવા નીકળી હતી. દરમિયાન સિવિલ બ્રિજ પર પાછળથી પુરપાટ ઝડપે આવેલી એક કારે તેને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત સર્જી કારચાલક મદદ કરવાને બદલે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

ઘટના બાદ ગંભીર હાલતમાં સ્નેહાને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર બાદ તેણે દમ તોડ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવેલા ચોંકાવનારા તથ્યો મુજબ, ટક્કર વાગ્યા બાદ કારનું ટાયર સ્નેહાની પીઠ પરથી ફરી વળ્યું હતું. જેના કારણે તેના આંતરિક અંગોને ગંભીર નુકસાન પહોંચ્યું હતું અને શરીરમાં મોટા પાયે ઈન્ટરનલ બ્લીડિંગ થવાથી તેનો જીવ બચાવી શકાયો નહોતો. માસૂમ દીકરીના અચાનક વિદાયથી ઘોરી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. બનાવ અંગે ખટોદરા પોલીસ મથકે પિતા પ્રકાશભાઈની ફરિયાદના આધારે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનાહિત બેદરકારી અને હિટ એન્ડ રનનો ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ પોલીસે સિવિલ બ્રિજ અને આસપાસના CCTV ફૂટેજ સ્કેન કરીને ફરાર વાહનચાલકની શોધખોળ તેજ કરી છે.

### કોર્ટ રૂમમાં અચાનક ઢળી પડ્યા બાદ નરેશ પરમારનું મૃત્યુ

# સુરત સિવિલ કોર્ટમાં ચોરીના શંકાસ્પદ આરોપીનું મોત

### મૃતકના પરિવારજનોએ પોલીસ કસ્ટડી દરમિયાન મારપીટ કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૦૬**



સુરત સિવિલ કોર્ટ પરિસરમાં કતારગામ પોલીસ દ્વારા ચોરીના શંકાસ્પદ આરોપી તરીકે અટકાયત કરાયેલા ૩૩ વર્ષીય નરેશ પરમારનું કોર્ટરૂમમાં અચાનક ઢળી પડ્યા બાદ મોત થયું છે. આ ઘટનાએ ભારે ચકચાર મચાવી છે. મૃતકના પરિવારજનોએ પોલીસ કસ્ટડી દરમિયાન મારપીટ કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે, જ્યારે પોલીસે સમગ્ર મામલે તપાસ પૂર્ણ થયા બાદ જ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે તેમ જણાવ્યું છે.

પરિવારના જણાવ્યા મુજબ, થોડા દિવસ પહેલાં નરેશ પરમાર જ્યાં રહેતા હતા ત્યાં થયેલી ચોરીની ઘટનાના અનુસંધાનમાં કતારગામ પોલીસે તેમની અટકાયત કરી હતી. પરિવારનો આક્ષેપ છે કે વાસ્તવિક ચોરી કરનાર વ્યક્તિને છોડીને નરેશને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ઉપરાંત, કસ્ટડી દરમિયાન તેમની સાથે મારપીટ કરવામાં આવી હોવાનું પણ પરિવારનું કહેવું છે. જોકે, આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

મળતી માહિતી મુજબ, નરેશ પરમારને ત્રણ દિવસ પોલીસ કસ્ટડીમાં રાખ્યા બાદ સુરત સિવિલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

કોર્ટની કાર્યવાહી દરમિયાન તેઓ અચાનક બેભાન થઈને ઢળી પડ્યા હતા. ત્યારબાદ તેમને તાત્કાલિક સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને 'બ્રેઈન ડેડ' જાહેર કર્યા હતા. બાદમાં તેમનું મૃત્યુ થયું હોવાનું સામે આવ્યું છે.


નરેશ પરમાર ચાર સંતાનોના પિતા હોવાનું જાણવા મળ્યું છે. તેમના અવસાન બાદ પરિવારજનો અને સગાસંબંધીઓમાં ભારે શોક અને આક્રોશ જોવા મળ્યો હતો. પરિવારજનોએ ઘટનાની નિષ્પક્ષ તપાસ કરીને જો કોઈ પોલીસ કર્મચારીની જવાબદારી સામે આવે તો તેમની સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

બીજી તરફ, પોલીસનું કહેવું છે કે સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે અને તમામ તથ્યો સામે આવ્યા બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થઈ શકશે. ઘટનાને લઈને કતારગામ પોલીસની કામગીરી અને કસ્ટડી દરમિયાનની પ્રક્રિયા અંગે અનેક પ્રશ્નો ઊભા થયા છે.

હાલ સમગ્ર મામલે તપાસ ચાલુ છે. પોસ્ટમોર્ટમ અને અન્ય તપાસના અહેવાલો બાદ જ નરેશ પરમારના મૃત્યુનું વાસ્તવિક કારણ તથા પરિવાર દ્વારા કરાયેલા આક્ષેપોની સત્યતા અંગે સ્પષ્ટતા થશે.

# ચીખલી ખાતે સહકારી ક્ષેત્રના વસુધારા ડેરી શ્વેતક્રાંતિના પ્રણેતા નરેન્દ્રભાઈ વશીને ભાવાંજલિ

**દિનકર ભવનમાં રાજેશભાઈ ઉર્ફે રાજાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના અસંખ્ય પશુપાલકો, સહકારી અગ્રણીઓ, પ્રશંસકો અને પરિવારે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૦૬**

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (વસુધારા ડેરી) સહકારી ડેરી ક્ષેત્રના ભીષ્મપિતામહ,શ્વેતક્રાંતિના પ્રેરણામૂર્તિ અને લાખો પશુપાલકોના હીતચિંતક સ્વ.નરેન્દ્રભાઇ બી.વશીની સ્મૃતિમાં શુક્રવારે ચીખલીના દિનકર ભવન ખાતે શ્રદ્ધાંજલિ સભા લાગણીસભર માહોલ વચ્ચે સંપન્ન થઈ હતી. વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના દૂધ ઉત્પાદકો, અસંખ્ય પશુપાલકો, સહકારી આગેવાનો, રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ તેમજ સેકડો પ્રશસકો ઉપસ્થિત રહી પોતાના પ્રિય નેતાને ભાવાંજલિ અર્પણ કરી હતી.

સમગ્ર દિનકર ભવન શોકમય વાતાવરણમાં ડૂબી ગયો હતો. ઉપસ્થિત મહાનુભવોએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ વશીએ પોતાના પાંચ દાયકાના કાર્યકાળ દરમિયાન દક્ષિણ ગુજરાતના સહકારી દૂધ આંદોલનને નવી દિશા અને મજબૂત ઓળખ આપી હતી. તેમણે માત્ર એક ડેરી સંસ્થાનું નિર્માણ કર્યુ ન હતું. પરંતુ હજારો ગરીબ આદિવાસી નાના અને સીમાંત ખેડૂતોના જીવનમાં પશુપાલન દ્વારા આર્થિક સમૃદ્ધિનો નવો માર્ગ ખુલ્લો કર્યો હતો.

વક્તાઓએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ વશીના દૃઢ મનોબળ, નિષ્ઠા, પારદર્શિતા વહીવટી કૂનેહ અને સહકારના મૂલ્યો પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાના કારણે વસુધારા ડેરી આજે રાજ્યની અગ્રણી સહકારી સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે. પશુપાલકોના પ્રશ્નોના ઉકેલ માટે તેઓ હંમેશા ખડે પગે રહેતા હતા અને સહકારી ચળવળને સાચા અર્થમાં લોક ચળવળ બનાવી હતી.

શ્રદ્ધાંજલિ સભામાં વક્તાઓએ યાદ અપાવ્યું હતું કે સહકારી ક્ષેત્રમાં તેમના અપ્રતિમ યોગદાન બદલ તેમને સહકારી ડેરી ક્ષેત્રનો સર્વોચ્ચ ગણાતો 'ડો.વર્ગીસ કુરિયન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. ઉપરાંત ન્યું દિલ્હી સ્થિત ઈન્ડિયન ઈકોનોમિક ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ એસોસિએશન દ્વારા તેમને ભારતીય ઉદ્યોગ રત્ન રાષ્ટ્રીય એવોડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માનનો સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ગૌરવની બાબત હોવાનું વક્તાઓએ જણાવ્યું હતું.

શ્રીમદ્ ભાગવત ગીતાના ઉપદેશોને જીવનમાં ઉતારી શ્રી નરેન્દ્રભાઈએ સાદગી પ્રમાણિકતા સેવાભાવ અને સમર્પણને પોતાના વ્યક્તિત્વનો આધાર બનાવ્યો હતો તેઓ સહકારના સિદ્ધાંતોને જીવનભર આત્મસાત કરીને હજારો પરિવારોના જીવનમાં પરિવર્તન લાવ્યા હતા. તેમનું નિરાભિમાની વ્યક્તિત્વ દુરંદેશી નેતૃત્વ વ્યવસ્થાપન કુશળતા અને સૌને સાથે રાખીને આગળ વધવાની કાર્યશૈલી આવનાર પેઢીઓ માટે હંમેશા પ્રેરણા સ્રોત બની રહેશે એમ વક્તાઓએ જણાવ્યું હતું.

આ પ્રસંગે વસુધારા ડેરીના ચેરમેન રાજેશભાઈ ઉર્ફે રાજાભાઈ પટેલ વાઈસ ચેરમેન કારોબારી મંડળના સભ્યો ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિજયભાઈ કાપડિયા વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, ક્વોરી એસોસિએશનના સલીમ પટેલ, માજી સાંસદ શ્રી કાનજીભાઈ પટેલ, ખેડૂત સમાજના પ્રમુખ શ્રી જયેશભાઈ પટેલ, માજી ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈ, પૂર્વ ચેરમેન શ્રી ગમનભાઈ પટેલ, શ્રીમતી સુધાબેન પટેલ, શ્રીમતી કલાવતીબેન પટેલ, મહારાષ્ટ્રના માજી ધારાસભ્ય ખડશે, શ્રીમતી નિર્મળાબેન તથા શ્રી નટુભાઈ નાયક સહિત અનેક મહાનુભાવોએ શ્રી નરેન્દ્રભાઈ સાથે જોડાયેલી યાદો તાજી કરી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સ્વ.નરેન્દ્રભાઈ વશીની પુત્રી ઊર્મિ વશીએ પરિવાર અને વસુધારા ડેરી સાથે જોડાયેલા સંસ્મરણો વહેંચતા સમગ્ર વાતાવરણ ભાવવિભોર બની ગયું હતું. તેમના સંસ્મરણો દરમિયાન અનેક લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. તેમના ધર્મપત્ની રેખાબેન સહિત પરિવારજનો પણ લાગણીસભર ક્ષણામાં ભાવુક બન્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી જશુભાઈ નાયકે કર્યુ હતું. તેમણે વસુધારા ડેરીની સ્થાપનાથી લઈને તેના વિકાસ સુધીની શ્રી નરેન્દ્રભાઈ વશીની ગૌરવશાળી સફરને વિગતવાર રજૂ કરી હતી. અંતે ઉપસ્થિત સૌએ મૌન પાડી સ્વ.શ્રી નરેન્દ્રભાઇ વશીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રદ્ધાંજલિ સભામાં એક જ ભાવ વ્યક્ત થયો હતો કે, શ્રી નરેન્દ્રભાઈ વશી ભલે આજે આપણી વચ્ચે શારીરિક રીતે હાજર નથી. પરંતુ સહકાર સેવા સમર્પણ અને ગ્રામ વિકાસના તેમણે સ્થાપેલા મૂલ્યો આવનારી પેઢીઓ માટે સદાય જીવંત રહેશે.

# અદાણી ફાઉન્ડેશનના સુપોષણ પ્રોજેક્ટ હેઠળ ઉમરપાડામાં 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની સફળ ઉજવણી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઉમરપાડા(સુરત), તા.૦૬**

અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત સુપોષણ પ્રોજેક્ટે ઉમરપાડા તાલુકામાં 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' નિમિત્તે તા.૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન જનજાગૃતિ અભિયાનનું સફળ આયોજન કર્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ માતા અને બાળકના આરોગ્ય માટે સ્તનપાનના મહત્ત્વ અંગે જાગૃતિ કેળવવાનો હતો.

આ સપ્તાહ દરમિયાન સુપોષણ સંગીનીઓએ વિવિધ આંગણવાડી કેન્દ્રો ખાતે પરિવાર પરામર્શ, સમૂહ ચર્ચા, અને પૌષ્ટિક વાનગીઓના જીવંત પ્રદર્શન જેવી પ્રવૃત્તિઓનું આયોજન કર્યું. કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવવા બહેનો માટે ક્વિઝ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં સ્તનપાનને લગતા પ્રશ્નો પૂછી વિજેતાઓને પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી. આ ઉપરાંત, આંગણવાડી કેન્દ્રો પર 'સહાયક ડેસ્ક' ઊભું કરાયું, જ્યાં સગર્ભા અને ધાત્રી માતાઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

નિષ્ણાતોએ જન્મના પ્રથમ કલાકમાં સ્તનપાન, છ મહિના સુધી માત્ર માતાનું દૂધ (Exclusive Breastfeeding) અને બે વર્ષ સુધી સ્તનપાન ચાલુ રાખવાના લાભો વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. સાથે જ, ધાત્રી માતાના સારા સ્વાસ્થ્ય માટે પરિવારના સભ્યો દ્વારા યોગ્ય પોષણ, આરામ અને માનસિક સહયોગ પૂરો પાડવાના મહત્ત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો.

અદાણી ફાઉન્ડેશનનો સુપોષણ પ્રોજેક્ટ ઉમરપાડા તાલુકામાં કુપોષણ નાબૂદી અને માતાબાળકના સ્વાસ્થ્ય સુધારા માટે પ્રતિબદ્ધ છે. આ અભિયાનને ICDS વિભાગ, આંગણવાડી કાર્યકર્તાઓ, આશા બહેનો અને સ્થાનિક આગેવાન અને ગ્રામજનોનો ઉત્સાહપૂર્ણ સહયોગ મળી રહ્યો છે.

# વાપીના કરવડથી ૩૩ વર્ષીય પરિણીતા ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

વાપીના કરવડ પટેલ ફળિયા, ચંપકભાઈ પટેલની ચાલમાં રહેતા ૩૩ વર્ષીય હૈના અજહર મોહમદ રિયાજઉદ્દીન (મૂળ રહે. તેતરહાત, ઉર્દુ સ્કૂલની સામે, થાના-તેતરહાત, પોસ્ટ-તા-તેતરહાત, જિ-લખીસરાય, બિહાર) તા.૨૦/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ હૈના પાતળો બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૩ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણેકાળા કલરનો બુર્ખો પહેરેલો હતો. જો કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૬૩૫૯૬૨૬૧૩૨, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર



સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## 'મહિલા નેતૃત્વ દિવસ' નિમિત્તે

# કપરાડા ખાતે મહિલા સરપંચો તથા બાલિકા પંચાયતની દીકરીઓનો સન્માન અને સંવાદ કાર્યક્રમ યોજાયો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, વલસાડ દ્વારા નારી વંદન ઉત્સવ અંતર્ગત 'મહિલા નેતૃત્વ દિવસ' નિમિત્તે કપરાડા તાલુકા પંચાયત ખાતે મહિલા સરપંચશ્રીઓ તથા બાલિકા પંચાયતની દીકરીઓ સાથે સન્માન અને સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શ્રી આનંદ પટેલ, તાલુકા વિકાસ અધિકારી, કપરાડા દ્વાએઆ સ્વાગત પ્રવચન કરી સૌને આવકારવામાં આવ્યા હતા. મહિલાઓ અને બાલિકાઓના નેતૃત્વ, ગ્રામ વિકાસમાં તેમની સક્રિય ભૂમિકા અને સમાજ નિર્માણમાં તેમના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ બાલિકા પંચાયતની દીકરીઓને તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી ખાતે પંચાયત વિભાગની કામગીરી, સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થા, ગ્રામ વિકાસ યોજનાઓ તથા પંચાયતની વિવિધ જવાબદારીઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

શ્રીમતી હસુમતીબેન દીવા, બાળ વિકાસ યોજના અધિકારી (સી.ડી.પી.ઓ.), કપરાડા દ્વારા બાલિકાઓના પોષણ, શારીરિક અને માનસિક વિકાસ, કિશોરી આરોગ્ય, શિક્ષણ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અમલમાં રહેલી વિવિધ યોજનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે બાલિકા પંચાયતની દીકરીઓને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા, સમાજ વિકાસમાં સક્રિય ભાગ લેવા તેમજ પંચાયત અને સરકારી યોજનાઓમાં સહભાગી થવા માટે પ્રેરિત કર્યા હતા.

જીજ્ઞેશ પટેલ, જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર (DHEW), વલસાડ દ્વારા બાલિકા પંચાયતની રચના, હેતુ, જવાબદારીઓ અને તેની કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જિજ્ઞીશા પટેલ, જેન્ડર સ્પેશિયાલિસ્ટ (DHEW), વલસાડ દ્વારા બાલિકા પંચાયતની વિવિધ પ્રવૃત્તિઓ, મહિલા નેતૃત્વ વિકાસ અને સામાજિક સશક્તિકરણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સ્નેહન પટેલ, પી.બી.એસ.સી. કાઉન્સેલર, કપરાડા દ્વારા સેન્ટરની કામગીરી, મહિલાઓ અને બાળિકાઓ માટે ઉપલબ્ધ કાઉન્સેલિંગ સેવાઓ તથા વિવિધ સહાયકારી સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

સ્નેહાલી પટેલ, કેન્દ્ર સંચાલક, સખી વન સ્ટોપ સેન્ટર, વલસાડ દ્વારા મહિલા સુરક્ષા, કાનૂની સહાય, કાઉન્સેલિંગ અને પુનર્વસન સંબંધિત સેવાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમ અંતર્ગત બાલિકા પંચાયતની તમામ દીકરીઓને તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, મામલતદારશ્રીની કચેરી, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC) હોસ્પિટલ તથા પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવી હતી અને નાગરિકોને આપવામાં આવતી વિવિધ સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. સંબંધિત વિભાગોના અધિકારીઓ દ્વારા પોતાની કચેરીની કામગીરી, નાગરિકોને આપવામાં આવતી સેવાઓ અને શાસકીય વ્યવસ્થાની પ્રક્રિયા અંગે બાલિકાઓને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ બાલિકા પંચાયતની દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે કેપ અને પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં મહિલા સરપંચશ્રીઓ, બાલિકા પંચાયતની દીકરીઓ, તાલુકા પંચાયતના કર્મચારીઓ હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ અને બાલિકાઓમાં નેતૃત્વ ક્ષમતાનો વિકાસ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ પ્રત્યે જાગૃતિ, શાસકીય વ્યવસ્થાની સમજ અને સમાજના સર્વાંગી વિકાસમાં તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો.

# 'માન્યા ટીમે' ભિલાડ અને સંજાણ વિસ્તારના અત્યંત અંદરના અને દુર્ગમ ગ્રામીણ વિસ્તારોની મુલાકાત લઈ રાહત કામગીરી ચલાવી







**''માન્યા ટીમ''ના અધ્યક્ષ સરબજીત કૌર સહિત ગુરચરણ કૌર, હરવિંદર કૌર, હરલીન કૌર અને સુરિંદર કૌર સરના પૂર પીડિતો માટે મુશ્કેલીમાં સહારો બન્યા**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

ભારે વરસાદ બાદ સર્જાયેલી આપત્તિ અને ચારેય તરફ ફેલાયેલી તબાહી વચ્ચે, જ્યારે આશાના કિરણો ઝાંખા પડી રહ્યા હતા, ત્યારે મહિલાઓએ સંવેદનશીલ પહેલ કરીને પૂર પીડિતોની મદદનો બીડો ઝડપ્યો. તેમના આ જુસ્સાએ 'માન્યા ટીમ'ના રૂપમાં એક મોટા રાહત અભિયાનનું રૂપ લઈ લીધું, જે આજે દુર્ગમ વિસ્તારોમાં ફસાયેલા સેંકડો બેઘર પરિવારો માટે સહારો બન્યું હતું.

માન્યા ટીમના સભ્યોએ ભિલાડ અને સંજાણ વિસ્તારના અત્યંત અંદરના અને દુર્ગમ ગ્રામીણ વિસ્તારોની મુલાકાત લઈને જમીની સ્તરે રાહત કામગીરી ચલાવી હતી. ખરાબ રસ્તાઓ અને મુશ્કેલ પરિસ્થિતિઓને કારણે આ દૂર-સુદૂરના વિસ્તારો સુધી અત્યાર સુધી કોઈ પણ સહાય પહોંચી શકી નહોતી. વિસ્તારમાં પહોંચનારી પહેલી રાહત ટીમ તરીકે માન્યા ટીમે સ્થિતિની ગંભીરતાને જોઈને તાત્કાલિક પગલાં ભર્યા અને પ્રભાવિત જરૂરિયાતમંદ પરિવારોને સુકો રાશન, કપડાં અને નાસ્તો વહેંચ્યા છે.

**૧૫૦ તાડપત્રી (ત્રિપાલ)થી આપી આશ્રયની છત, આપત્તિ પ્રભાવિતોમાં જગાવી નવી આશા:** માથું છુપાવવાની જગ્યા ગુમાવી ચૂકેલા પરિવારો માટે ટીમ દ્વારા ૧૫૦ તાડપત્રી, રાશન કિટ, દવાઓ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું, જેથી બેઘર થયેલા લોકોને તરત જ અસ્થાયી આશ્રય મળી શકે. આવી જ રીતે ટુકવાડામાં પોતાનું સઘળું ગુમાવી ચૂકેલા એક પીડિત પરિવારને ટીમે પૂરતું રાશન, જરૂરી દવાઓ અને કપડાંની મદદ આપી. સાથે જ, તેમને શક્ય તમામ સહાયતાની ખાતરી આપીને તેમના જીવનમાં એક નવી આશા જગાવી હતી.

આ જ રીતે બગવાડા નદીના કિનારે વસેલા ગામ બડીલ ફળિયા સમેત અન્ય બે અત્યંત પ્રભાવિત ગામોમાં માન્યા ટીમે મોટા પાયે રાહત અભિયાન ચલાવ્યું. નદીના પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયેલા પરિવારોને ચિન્હિત કરીને તેમને તાડપત્રી, કપડાં, રાશન અને તૈયાર નાસ્તાના પેકેટ તથા બાળકો માટે કપડાં પૂરા પાડવામાં આવ્યા હતા.

# લાયન્સ ક્લબ ઉદવાડા સંજીવની દ્વારા પૂરઅસરગ્રસ્તોને સહાય કરાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

લાયન્સ કલબ ઉદવાડા સંજીવનીના યુવા પ્રેસિડેન્ટ લીયો લાયન વિકાસ જયસવાલ, સેક્રેટરી કિરીટ શાહ, ટ્રેઝરર લા. જગજીવન પટેલ દ્વારા ૧ જુલાઈ ડોક્ટર્સ ડેના દિવસે ડોક્ટર્સના સન્માન સાથે શરૂ થયેલ વર્ષમાં કર્યા બાદ તાજેતરમાં ભારે વરસાદના કારણે ગામડાંઓમાં ગરીબ માણસોને થયેલ નુકસાનને ધ્યાનમાં લઈને ઝડપથી નિર્ણય લઈ ટુકવાડાના સામાજીક કાર્યકર નિલેશ દેસાઈએ આપેલ અસરગ્રસ્તોની માહિતીના આધારે તેમની સાથે રહી ટુકવાડાના અસરગ્રસ્ત એવા ૧૦૦ પરિવારને ધાબળા તથા ચટાઈનુ





વિતરણ રૂબરુ જઈ હાથોહાથ કર્યું હતું.

આ પુરથી ઘરવખરી પણ તણાઈ જતાં તમામ વ્યથિત પરિવારોને લાયન્સ કલબ ઉદવાડાના પદાધિકારીઓ દ્વારા આ રાહત પહોંચાડી સહાય કરવામાં આવી હતી. નિલેશ દેસાઈએ આ ઉમદા કાર્ય માટે ત્રણે લાયન પદાધિકારીઓનો આભાર વ્યક્ત કરી ૨૦,૦૦૦/- રૂપિયાના આ સેવા કાર્યની સરાહના કરી હતી. આ અગાઉ વલસાડ ખાતે ઉડાન સંસ્થાના લાયન જાનકી ત્રિવેદી આયોજીત સપ્ત સેવા સંગમના યુવા ટેલેન્ટ શોમાં પણ લાયન રાજેશ જયસ્વાલ તથા લાયન કિરીટ શાહ દ્વારા યોગદાન આપી કાર્યક્રમ દરમ્યાન હાજર રહી ડિસ્ટ્રિક્ટ ગવર્નર શ્રી લાયન હેમલ પટેલની ઉપસ્થિતિ સાથે કેમ્પ દરમ્યાન સેવા આપતા ડોક્ટર્સનું સન્માનપત્ર આપી સન્માન કર્યું હતું.

# વાપીના છીરીથી ૩૪ વર્ષીય પરિણીતા ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

વાપીના છીરીના સાંઈ ક્રિષ્ના એપાર્ટમેન્ટ રૂમ નં.૪૦૫ ખાતે રહેતા ૩૪ વર્ષીય મામુની રાજેશકુમાર ઝાઉ (મૂળ રહે.- દહિયા, થાના-જલાલગઢ, પોસ્ટ-જલાલગઢ, જિ-પુર્ણિયા, બિહાર) તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યાના સુમારે છીરી જયભારત નગર, યોગીવીલા, રૂમ નં.૫૦૨ ખાતેથી કોઈને કંઈ પણ



કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ મામુની મજબૂત બાંધો, શ્યામવર્ણ અને ૬ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે ટોપ અને નેવી બ્લ્યુ કલરનો પેન્ટ પહેરેલો હતો. જો કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૬૩૫૯૬ ૨૬૧૩૨, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વર્તમાન પ્રવાહ તંત્રી લેખ

## રાજનીતિનું નિમ્ન અને નિંદાપાત્ર સ્તર

**તા**મિલનાડુના ડીએમકે પક્ષના નેતા ઉદયનિધિ સ્ટાલીન ફરી એકવાર તેમના અનિયંત્રિત વિધાનોને લીધે વિવાદમાં છે. ત્યાં સુધી વિવાદમાં છે કે, પોલીસે તેમના નિવેદનો બાદ તાત્કાલિક તેમની ધરપકડ કરી લીધી હતી તે જુદી વાત છે કે, તેમને જામીન મળ્યા પરંતુ તેમની ચેષ્ટા યોગ્ય નહોતી. કોઈ રાજ્યના વિધાનસભા વિરોધ પક્ષના નેતાની આટલી ઝડપથી ધરપકડ થાય તે મુદ્દો ઓછો ગંભીર ન હોય તે સમજી જ શકાય અને ઉદયનિધિ પહેલી જ વાર આવી બાબતમાં ફસાયા હોય તેવું નથી. તેમના વિવાદી વિધાનો દક્ષિણ ભારતના રાજકીય ઈતિહાસમાં એ રીતે 'ચમક્યા' છે કે, તેની અસર સમગ્ર ભારતીય રાજનીતિ ઉપર પણ થવાની હોય ત્યારે થઈ છે. દાયકાઓથી ચાલી રહેલા 'કાવેરી જળવિવાદ' સંબંધિત એક રેલીમાં ભીડને સંબોધન કરતી વખતે ઉદયનિધિ સ્ટાલીન મર્યાદા ચૂકી ગયા હતા અને તેમણે રાજ્યના મુખ્યમંત્રી થલપતિ વિજય વિશે બોલતા અભિનેત્રી તૃષા કૃષ્ણન સાથેના તેમના સંબંધોનો અયોગ્ય રીતે ઉલ્લેખ કર્યો હતો. દ્વિઅર્થી વિધાનથી તામિલનાડુની રાજનીતિમાં વીજળી પ્રસરી ગઈ હતી. ટીવી કે પક્ષની મહિલા પાંખે ઉદયનિધિની તત્કાલ ધરપકડ સહિતની કાર્યવાહી માટે માગણી કરી હતી. ઉદયનિધિની સામે વિરોધનો વંટોળ ફુંકાયો છે. જવાબદાર નેતાનું આવું વર્તન સ્વાભાવિક રીતે ચર્ચાસ્પદ બને. પોલીસે તેમને મંગળવારે જ તેમના ઘરેથી પકડી લીધા હતા. મદ્રાસ હાઈકોર્ટે તેમના જામીન મંજૂર કર્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલીને આ ધરપકડને સરમુખત્યારશાહીનું લક્ષણ બનાવી પરંતુ કોઈપણ મહિલા વિશે આ પ્રકારે થયેલું નિવેદન તો ગુનાને પાત્ર જ છે તેવું સ્વીકાર્યું નહીં. વિરોધ પક્ષ તરીકે ઉદયનિધિ સરકાર, પ્રધાન, મુખ્ય પ્રધાનની વિરૂદ્ધ કંઈપણ બોલવાનો અધિકાર ધરાવે છે પરંતુ કોઈના અંગત જીવન પર આક્ષેપ કરે તેમાં પણ મહિલાનું ચારિત્ર્ય હનન થાય તેવો સંકેત પણ કરે તે ચલાવી કેવી રીતે લેવાય? રાજનીતિનું આ નિમ્ન અને નિંદાપાત્ર સ્તર છે. તામિલનાડુમાં સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે આ મુદ્દે ટકરાવ છે તે વાત તો અત્યારની છે. તૃષા કૃષ્ણન કે અન્ય કોઈપણ મહિલા વિશે આવા નિવેદન નિવારવા જ જોઈએ. જો કે, ઉદયનિધિ માટે આ નવી વાત નથી. ૨૦૨૧માં એઆઈએડીએમકે પક્ષ વિશે બોલતા તેમણે કહ્યું હતું કે, મુખ્યમંત્રી ઈ.પલાની સ્વામીએ પોતાની ખુરશી બચાવવા માટે વી.કે.શશીકલાના ચપ્પલ પકડવા પડ્યા હતા. ૨૦૨૩માં આ નેતા બોલ્યા હતા કે, મચ્છર ડેન્ગ્યુ કે મેલેરિયાનો વિરોધ થઈ શકતો નથી પરંતુ તેને ખતમ કરવા પડે છે તેવો જ સનાતન ધર્મ છે. જાતિગત ભેદભાવ સાથે સનાતનને જોડીને તેમણે આ નિવેદન કર્યું હતું ત્યારે પણ વિવાદ થયો હતો. કોઈ ધર્મમાં માનવું કે ન માનવું, કોઈ પક્ષનું સમર્થન કરવું કે ન કરવું તે જુદી વાત છે અને તેના વિશે નિમ્ન સ્તરના નિવેદનો કરવા તે એક જવાબદાર નેતાને શોભે નહીં તેવી વાત છે અને આ સર્વગ્રાહી મુદ્દો છે, બધા પક્ષના બધા નેતાને, કાર્યકર્તાને તે લાગુ પડે.

### ટેરિફના ખેલમાં ફસાયા ડોનાલ્ડ ટ્રમ્પ

## 'સુપ્રીમ' આદેશ બાદ અમેરિકાએ ૧૦૦ અબજ ડૉલર પાછા આપવા પડ્યા

**ચાલુ વર્ષની શરૂઆતમાં ૨૦ ફેબ્રુઆરીના રોજ ૬-૩ની બહુમતીથી આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદામાં કોર્ટે આ ટેરિફને અમાન્ય જાહેર કર્યુ હતું**




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬:** ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ બોમ્બ હવે તેમની પોતાની જ મુશ્કેલીઓ વધારી રહ્યો છે અને અમેરિકા પર ભારે પડી રહ્યો છે. વિતેલા વર્ષના એપ્રિલ મહિનામાં તેમણે વિશ્વના તમામ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લગાવવાનું શરૂ કર્યું હતું, જેના કારણે વૈશ્વિક સ્તરે ટ્રેડ વોરની પરિસ્થિતિ સર્જાઈ હતી. જોકે, આ ટેરિફ સામે દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરતા અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પને મોટો આંચકો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે પોતાના એક મહત્ત્વના ચુકાદામાં આંતરરાષ્ટ્રીય આપાતકાલીન આર્થિક શક્તિ અધિનિયમ (IEEPA) હેઠળ લાદવામાં આવેલા ટેરિફના એક મોટા હિસ્સાને ગેરકાયદે ગણાવીને રદ કરી દીધો છે. આ સાથે જ કોર્ટે ટ્રમ્પ પ્રશાસનને વસૂલેલી રકમ રિફંડ કરવાનો આદેશ પણ આપ્યો હતો. તાજેતરની અપડેટ મુજબ, આ આદેશ બાદ આશરે $૧૦૦ અબજનું ટેરિફ કલેક્શન પરત કરી દેવામાં આવ્યું છે. અમેરિકન કસ્ટમ્સ અધિકારીઓ દ્વારા કોર્ટમાં દાખલ કરાયેલી એક અરજીમાં ટેરિફ રિફંડ અંગે મહત્ત્વની માહિતી આપવામાં આવી છે. તેમાં જણાવાયું છે કે, સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ પ્રશાસને આશરે $૧૦૦ અબજની રકમ પરત કરી દીધી છે. US આંતરરાષ્ટ્રીય વ્યાપાર ન્યાયાલયમાં રજૂ કરાયેલી અરજી મુજબ, વ્યાજ સહિત રિફંડની પ્રક્રિયા સરકારની કસ્ટમ્સ રિફંડ સિસ્ટમ દ્વારા પૂરી કરી દેવામાં આવી છે અને નાણાંના વિતરણ માટે આ રકમ નાણા વિભાગને મોકલી આપવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, રદ કરાયેલા આશરે $૧૬૬ અબજના ટેરિફમાંથી આ અડધાથી વધુ રકમનું રિફંડ છે. ચાલુ વર્ષની શરૂઆતમાં ૨૦ ફેબ્રુઆરીના રોજ ૬-૩ની બહુમતીથી આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદામાં કોર્ટે આ ટેરિફને અમાન્ય જાહેર કર્યું હતું. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષા ઈમરજન્સી માટે ૧૯૭૭માં બનેલા કાયદાનો ઉપયોગ કરીને વ્યાપારી ભાગીદારો પર આકરો ટેરિફ લાદીને ટ્રમ્પે પોતાના અધિકાર ક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું છે. આ કાયદો અમેરિકન પ્રમુખને એકતરફી રીતે વ્યાપક શુલ્ક લાદવાની સત્તા આપતો નથી. ટ્રમ્પ પ્રશાસન દ્વારા વસૂલેલા નાણાં પરત કરી દેવાયા હોવા છતાં, હવે આ રિફંડનો મુદ્દો એક નવા રાજકીય વિવાદનું રૂપ લઈ રહ્યો છે. આલોચકોનું કહેવું છે કે, આ નાણાં માત્ર તે આયાતકારો અને કોર્પોરેટ કંપનીઓને જ પાછા મળી રહ્યા છે જેમણે ટેરિફ ચૂકવ્યો હતો. પરંતુ, ટ્રમ્પના ટેરિફ વોરના કારણે મોંઘવારીનો સામનો કરનારા અને વધારેલી કિંમતો ચૂકવનારા સામાન્ય અમેરિકન ગ્રાહકોને તેનો કોઈ લાભ મળી રહ્યો નથી.

### વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ મુદ્દે ખડગેનો સરકાર પર પ્રહાર

## ગૃહમંત્રી સંસદમાં જવાબ આપે અને પીએમ મોદી માફી માંગે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬**

રાજ્યસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ યોજીને જંતર-મંતર પાસે વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલી કાર્યવાહીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, છેલ્લા ૧૫ દિવસથી સમગ્ર વિપક્ષ એ માંગ પર અડગ છે કે ગૃહમંત્રી ખુદ સંસદમાં આવીને જવાબ આપે.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, વિદ્યાર્થીઓ સાથે અન્યાય અને અત્યાચાર થયો છે. જે રીતે તેમના પર લાઠીચાર્જ અને ફાયરિંગ કરવામાં આવ્યું તે ખોટું હતું. આવા સાધનોનો ઉપયોગ નથવો જોઈએ. પેલેટ ગન, ટીયર ગેસ, લાઠી, ઈલેક્ટ્રિક બેટન, ખીલીવાળી લાકડીઓ, આ તમામનો ઉપયોગ વિદ્યાર્થીઓ પર કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ કોઈ હોબાળો નહોતો મચાવ્યો. શું તેમણે ૨૦-૫૦ સરકારી વાહનો તોડ્યા હતા? શું કોઈ નેતાને રોકીને સવાલ પૂછ્યા હતા? તેઓ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા, પરંતુ તેમને હટાવવા માટે જે પદ્ધતિઓ અપનાવવામાં આવી તે ખૂબ જ ખોટી છે.

ખડગેએ માંગ કરી કે, ગૃહમંત્રી ખુદ સંસદમાં આવીને સ્પષ્ટતા આપે. તેમણે કહ્યું કે, તેમને સંસદમાં આવીને જવાબ આપવામાં શું મજબૂરી છે? તેના માત્ર બે જ અર્થ હોઈ શકે છે. એક તો તેઓ વિચારી રહ્યા છે કે આ મુદ્દાને અવગણવામાં આવે અને બીજું કે તેઓ ડરી ગયા છે. હું બસ એટલું જ પૂછવા માંગુ છું કે જે દુઃખ તમે વિદ્યાર્થીઓને પહોંચાડ્યું છે, જે દુઃખ તેમના માતા-પિતા સુધી પહોંચ્યું છે, તેના માટે અમે સદનમાં તમારી હાજરી ઈચ્છીએ છીએ.

ખડગેએ આગળ કહ્યું કે, તેઓ સદનમાં નથી આવી રહ્યા, તેથી સદન નથી ચાલી રહ્યું. સદન ન ચાલવાની જવાબદારી માત્ર ગૃહમંત્રી અમિત શાહની છે, સંસદસભ્યોની નહીં. આ જ કારણોસર આજે અમે રાજ્યસભામાં આ મુદ્દો ફરીથી ઉઠાવ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, વિપક્ષ ઈચ્છે છે કે વડાપ્રધાન માફી માંગે અને ગૃહમંત્રી સંસદમાં નિવેદન આપે. ભલે ઝારખંડ હોય, પંજાબ હોય કે દિલ્હી હોય, અમે વિદ્યાર્થીઓની સાથે છીએ. તેમની સમસ્યાઓ ઉકેલવા માટે અમે લડતા રહીશું.

# હસ્તકળા અને હાથશાળ: વિકસિત ભારતનું ભવિષ્ય વણતી કળા

### ટેક્નોલોજીએ કારીગરને સશક્ત બનાવવો જોઈએ, કારીગરનું સ્થાન લેવું ન જોઈએ





**વિ**કસિત રાષ્ટ્રનું નિર્માણ માત્ર ટેક્નોલોજી દ્વારા જ વ્યાખ્યાયિત થતું નથી. તે આપણી કાયમી શક્તિઓને ભવિષ્યના વિકાસના એન્જિનમાં રૂપાંતરિત કરવાની ક્ષમતા દ્વારા ઘડાય છે. ભારત જેમ જેમ વિકસિત ભારત ૨૦૪૭ તરફ આગળ વધી રહ્યું છે, તેમતેમ આપણે ફ્રન્ટિયર ટેક્નોલોજીમાં રોકાણ કરી રહ્યા છીએ, ઉત્પાદનને મજબૂત બનાવી રહ્યા છીએ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઉદ્યોગોનું નિર્માણ કરી રહ્યા છીએ. તેમ છતાં આપણી સૌથી મોટી શક્તિઓમાંની એક હંમેશા આપણી સાથે રહી છે. આપણી હાથશાળની પરંપરા. ૭ ઓગસ્ટે, જ્યારે ભારત ૧૨મો 'રાષ્ટ્રીય હાથશાળ દિવસ' મનાવી રહ્યું છે, ત્યારે ટકાઉપણું, પ્રામાણિકતા અને સ્થિતિસ્થાપક સપ્લાય ચેઈનને મહત્ત્વ આપતી દુનિયા માટે હાથશાળને એક વ્યૂહાત્મક ક્ષેત્ર તરીકે જોવાનો સમય આવી ગયો છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું 'વિકસિત ભારત-૨૦૪૭'નું વિઝન સમૃદ્ધિ, આત્મનિર્ભરતા, સમાવેશીતા અને સાંસ્કૃતિક આત્મવિશ્વાસ પર આધારિત છે. મહિલા સંચાલિત વિકાસ, ગ્રામીણ ઉદ્યોગસાહસિકતા, આજીવિકા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવાની સાથે વારસા અને નવીનતાને એકસાથે લાવીને હાથશાળ ક્ષેત્ર આ વિઝનને મૂર્ત સ્વરૂપ આપે છે.

જેમ કે રામચરિતમાનસ આપણને યાદ અપાવે છે, 'सौरज धीरज तेहि रथ चाका। सत्य सील दृढ़ ध्वजा पताका॥ बल बिबेक दम परहित घोरे। छमा कृपा समता रजु जोरे॥' વિજય રથના ઉપદેશમાં, ભગવાન રામ શીખવે છે કે સ્થાયી વિજય શક્તિ પર નહીં, પરંતુ મૂલ્યો પર રચાય છે. તે જ મૂલ્યોએ સદીઓથી ભારતની હાથશાળ પરંપરાને ટકાવી રાખી છે. દરેક હાથવણટનું કાપડ પરંપરાને જાળવી રાખવાની હિંમત, દરેક તાંતણાને સુંદર બનાવવાની ધીરજ, પ્રમાણિક કારીગરીની નિષ્ઠા અને પેઢીઓથી ચાલ્યા આવતા જ્ઞાનને પ્રતિબિંબિત કરે છે. તેથી જ હાથશાળ માત્ર એક કળા નથી, પરંતુ ભારતની સૌથી મોટી નાગરિક શક્તિઓમાંની એક છે. સિંધુ ખીણની સભ્યતાથી, જ્યાં કપાસની પ્રથમ વખત ખેતી કરવામાં આવી હતી અને વણવામાં આવી હતી, તે અઢારમી સદી સુધી જ્યારે ભારતીય કાપડ વૈશ્વિક વેપારમાં પ્રભુત્વ ધરાવતું હતું, ભારતે કાપડ ક્ષેત્રની શ્રેષ્ઠતામાં વૈશ્વિક બેંચમાર્ક સ્થાપિત કર્યા હતા.

**બંગાળનું સુપ્રસિદ્ધ મસલિન, એટલું સૂક્ષ્મ કે ૨૫ મીટરની લંબાઈની વીંટીમાંથી પસાર થઈ શકે, તેની સાથે બનારસી સિલ્ક, કાંચીપુરમ વણાટ, પોચમપલ્લી ઈકત અને અસંખ્ય પ્રાદેશિક પરંપરાઓએ ભારતને વિશ્વવ્યાપી પ્રશંસા અપાવી. આજે, જ્યારે વિશ્વ પ્રમાણભૂત, ટકાઉ અને હસ્તકળાથી બનેલી ઉત્પાદનો તરફ વળી રહ્યું છે, ત્યારે આપણી પાસે તે નેતૃત્વ પુનઃપ્રાપ્ત કરવાની ઐતિહાસિક તક છે.** આપણી આગામી હાથશાળ ક્રાંતિએ માત્ર કાપડની જ નહીં, પરંતુ કારીગરી, વારસો, નવીનતા અને વિશ્વાસની નિકાસ કરવી જોઈએ, જેથી દરેક હાથવણાટની ઉત્પાદન બ્રાન્ડ ઈન્ડિયાની બ્રાન્ડ એમ્બેસેડર બને.

હાથશાળ એ ભારતનો સૌથી મોટો કુટીર ઉદ્યોગ છે, જે ૩૫ લાખથી વધુ વણકરો અને સંલગ્ન કામદારોની આજીવિકાને ટેકો આપે છે, જેમાંથી લગભગ ૭૨ ટકા મહિલાઓ છે. છેલ્લા એક દાયકામાં, સરકારે કાચા માલની સપ્લાય સ્કીમ, ૭૯૭ હેન્ડલૂમ ક્લસ્ટરો, ૧.૨૪ લાખથી વધુ સુધારેલી સાળ (looms), લગભગ ૯૭,૦૦૦ કારીગરો માટે કૌશલ્ય વર્ધન, અને પ્રોડ્યુસર કંપનીઓ, GI ટેગ વાળી ઉત્પાદનો, હેન્ડલૂમ માર્ક, ઈન્ડિયા હેન્ડમેઈડ સર્ટિફિકેશન, અર્બન હાટ અને ડિઝાઈન રિસોર્સ સેન્ટર્સ જેવી પહેલો દ્વારા આ ક્ષેત્રને મજબૂત બનાવ્યું છે. આજે, ૨૯ વણકર સેવા કેન્દ્રો તાલીમ, કૌશલ્ય વર્ધન, ડિઝાઈન વિકાસ, કાચા માલની



**લેખકઃ- ગિરિરાજ સિંહ***

***લેખક કેન્દ્રીય કાપડ મંત્રી છે. વ્યક્ત કરાયેલા વિચારો વ્યક્તિગત છે.**

સહાય અને બજાર જોડાણો દ્વારા વ્યાપક સપોર્ટ પૂરો પાડે છે, જ્યારે ૧૧ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેન્ડલૂમ



ટેક્નોલોજીને અદ્યતન તાલીમનો વિસ્તાર કરવા અને ઉચ્ચ મૂલ્ય ધરાવતા હાથશાળ ઉત્પાદનો વિકસાવવા માટે મજબૂત કરવામાં આવી રહી છે. આ પહેલો હાથશાળને કલ્યાણકારી પ્રવૃત્તિ તરીકે ટેકો આપવાથી લઈને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સર્જનાત્મક ઉદ્યોગ તરીકે બનાવવાની દિશામાં ફેરફાર સૂચવે છે. આગામી નેશનલ હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ પ્રોગ્રામ ૫૦૦ થી વધુ જીલ્લાઓમાં ૧,૮૦૦ ક્લસ્ટરોને મજબૂત કરશે, ૬૫ લાખ વણકરો અને કારીગરોને લાભાન્વિત કરશે અને હેન્ડમેઈડ ઈન ઈન્ડિયાને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત બ્રાન્ડ તરીકે સ્થાપિત કરશે. આગામી નેશનલ હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ પ્રોગ્રામ ૫૦૦ થી વધુ જિલ્લાઓમાં ૧,૮૦૦ ક્લસ્ટરોને મજબૂત કરીને, ૬૫ લાખ વણકરો અને કારીગરોને લાભ આપીને અને હેન્ડમેઈડ ઈન ઈન્ડિયાને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત બ્રાન્ડ તરીકે સ્થાપિત કરીને આ પરિવર્તનને ઝડપી બનાવશે.

નવીનતા હંમેશા ભારતની હાથશાળ યાત્રાનો એક ભાગ રહી છે. મહાત્મા ગાંધીના અંબર ચરખાએ કાંતણને સરળ, ઝડપી અને વધુ કાર્યક્ષમ બનાવ્યું, જે આત્મનિર્ભરતાના વિઝનને આગળ ધપાવે છે. તાજેતરમાં, આસામની મૈના લૂમ અને શિવસાગરમાં વિકસાવવામાં આવેલ ચિત્રંજન હેન્ડલૂમે દર્શાવ્યું છે કે કેવી રીતે લૂમની બહેતર ડિઝાઈન વણાટને સરળ અને વધુ ઉત્પાદક બનાવી શકે છે. આ વારસાને આગળ ધપાવતા, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IITs) સાથે સ્થપાયેલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હેન્ડલૂમ ટેક્નોલોજી હળવી, મજબૂત અને ઉપયોગમાં સરળ લૂમો વિકસાવી રહ્યું છે જે દિવ્યાંગ વ્યક્તિઓ સહિત શારીરિક શ્રમ ઘટાડે છે અને ઉત્પાદકતા સુધારે છે. સેન્ટર હેઠળ, હેન્ડલૂમ ૪.૦ પહેલ ઉત્પાદકતા, ગુણવત્તા અને જાળવણી પર નજર રાખવા માટે ડિજિટલ સાધનો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરે છે, અને રાજ્યોમાં વિસ્તાર કરતા પહેલા ૧૦૦ લૂમ પર તેનો પાઈલોટ પ્રોજેક્ટ ચલાવવામાં આવી રહ્યો છે.

ટેક્નોલોજીએ કારીગરને સશક્ત બનાવવો જોઈએ, કારીગરનું સ્થાન ન લેવું જોઈએ. VisioNxt (વિઝિઓએનએક્સટી) જેવા પ્લેટફોર્મ માંગની આગાહી કરવામાં, ડિઝાઈનના પ્રવાહોને ઓળખવામાં, વાસ્તવિક હાથશાળ ઉત્પાદનોને પ્રમાણિત કરવામાં અને વણકરોને વૈશ્વિક બજારો સાથે સીધા જોડવામાં મદદ કરી શકે છે. સાથોસાથ, પ્રીમિયમ સિલ્ક, કુદરતી રેસા, ટકાઉ રેસા અને નવીન મિશ્રણોમાં ઉત્પાદન વૈવિધ્યકરણ ઉચ્ચ મૂલ્યના ઉત્પાદનો બનાવી શકે છે અને નવા બજારો ખોલી શકે છે. બહેતર બ્રાન્ડિંગ, મૂલ્ય વર્ધન અને સીધી બજાર પહોંચ સાથે મળીને, આ નવીનતાઓ વણકરોની આવકમાં નોંધપાત્ર વધારો કરી શકે છે. અમારું વિઝન દરેક વણકરને સન્માનજનક અને આકાંક્ષી આવક મેળવવા માટે સક્ષમ બનાવવાનું છે, જેમાં આગામી વર્ષોમાં પ્રતિ માસ ₹૫૦,૦૦૦નું લક્ષ્ય છે.

હાથશાળનું ભવિષ્ય બજારો પર જેટલું નિર્ભર છે તેટલું જ વિચારસરણી પર પણ નિર્ભર છે. આપણા વણકરો માત્ર કાર્યબળ નથી. તેઓ ઉદ્યોગસાહસિકો, વાસ્તવિક સંશોધકો અને મૂલ્યના સર્જકો છે. તેમને બ્રાન્ડ્સ બનાવવા, વેલ્યુ ચેઈનમાં આગળ વધવા અને વૈશ્વિક બજારો સુધી પહોંચવા માટે સક્ષમ બનાવીને, આપણે હાથશાળને ભારતના સૌથી ગતિશીલ સર્જનાત્મક ઉદ્યોગોમાંથી એકમાં રૂપાંતરિત કરી શકીએ છીએ. હાથશાળના આગામી પ્રકરણને આકાર આપવા માટે વારસો અને ટેક્નોલોજી, સર્જનાત્મકતા અને ઉદ્યોગસાહસિકતાને એકસાથે લાવવા માટે ભારતના યુવાનોને પણ આ એક હાકલ છે. આ રાષ્ટ્રીય હાથશાળ દિવસે, ચાલો આપણે આપણાં વણકરોને માત્ર આપણાં વારસાના સંરક્ષક તરીકે જ નહીં, પરંતુ ભારતની પ્રગતિના શિલ્પીઓ તરીકે પણ બિરદાવીએ અને ચાલો હાથશાળને આપણા રોજિંદા જીવનનો એક ભાગ બનાવીએ. આપણે જે દરેક હાથશાળ ઉત્પાદન ખરીદીએ છીએ અને પહેરીએ છીએ તે વણકરની આજીવિકાને મજબૂત બનાવે છે, એક કાલાતીત પરંપરાને જાળવી રાખે છે અને ભારતની વાર્તાને વિશ્વ સુધી પહોંચાડે છે. હાથશાળ પસંદ કરીને, આપણે માત્ર આપણો વારસો પહેરતા નથી આપણે વિકસિત ભારતનું ભવિષ્ય વણવામાં પણ મદદ કરીએ છીએ.

## રાહુલ ગાંધીએ કિરેન રિજિજુ સામે મૂકી આકરી શરતઃ સીમાંકન બિલ બિલકુલ સ્વીકાર્ય નથી!,

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬:** લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે, વિપક્ષને સીમાંકન બિલ મંજૂર નથી. આ ઉપરાંત તેમણે સવાલ ઉઠાવ્યો છે કે સરકાર રાજકીય પક્ષોને અલગ-અલગ મળવાને બદલે આ મુદ્દે સર્વપક્ષીય બેઠક કેમ નથી બોલાવતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી અને કિરેન રિજિજૂ વચ્ચે થયેલી મુલાકાતમાં રાહુલે સંસદનું કામકાજ સરળતાથી ચાલવા દેવા માટે સરકાર સામે બે મુખ્ય માંગણીઓ મૂકી છે. સંસદનું ચોમાસુ સત્ર દરરોજ હોબાળાના કારણે ખોરવાઈ રહ્યું છે. બુધવારે પણ જ્યારે આવી જ સ્થિતિ ઊભી થઈ, ત્યારે કિરેન રિજિજૂએ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં સરકારે કોંગ્રેસ સહિતના વિપક્ષ સમક્ષ સીમાંકન બિલ પર ચર્ચા કરવા માટે ૧૬, ૧૭ અને ૧૮ તારીખે સંસદનું ખાસ સત્ર બોલાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેના જવાબમાં કોંગ્રેસે કહ્યું હતું કે, તેઓ પાર્ટી અને અન્ય વિપક્ષી દળો સાથે ચર્ચા કરીને પોતાનો નિર્ણય જણાવશે.

**રાહુલ ગાંધીએ સરકાર સમક્ષ બે સ્પષ્ટ શરતો રાખી છે. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી ગૃહમંત્રી અમિત શાહ પોતાનું નિવેદન નહીં આપે અને રામ મંદિરમાં ચઢાવાની ચોરીના મુદ્દે ચર્ચા નહીં થાય, ત્યાં સુધી સંસદની કાર્યવાહી ચાલવા દેવામાં આવશે નહીં. આ સાથે જ કોંગ્રેસે જણાવ્યું છે કે તેઓ સીમાંકન બિલ પર પોતાનું વલણ ટૂંક સમયમાં સરકાર સમક્ષ સ્પષ્ટ કરશે.**

એવી ચર્ચા છે કે, કેન્દ્ર સરકાર સીમાંકન બિલ પર ચર્ચા માટે વિશેષ સત્ર બોલાવી શકે છે. સંસદનું હાલનું ચોમાસુ સત્ર ૧૩ ઑગસ્ટે પૂરું થશે, પરંતુ ત્યારબાદ તેને સત્તાવાર રીતે સ્થગિત કરવામાં આવશે નહીં. આ પાછળનો હેતુ એ છે કે જો જરૂર પડે તો તરત જ સંસદનું વિશેષ સત્ર બોલાવી શકાય. જોકે, સરકાર આ જ યોજના પર આગળ વધી રહી છે તેવું હજુ સુધી ચોક્કસપણે કહી શકાય નહીં.

મળતી માહિતી મુજબ, સંસદના બંને ગૃહોમાં સુધારા બિલ પસાર કરાવવા માટે સરકાર બે તૃતીયાંશ બહુમતી સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરી રહી છે. સૂત્રોનું કહેવું છે કે જેવી પૂરતા સમર્થનની ખાતરી મળશે, તરત જ ૧૬ ઑગસ્ટથી ત્રણ દિવસનું ખાસ સત્ર બોલાવવામાં આવી શકે છે. જોકે, આ અંગે સરકાર દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### થાઈલેન્ડમાં રમતના મેદાન પર ભયાનક દુર્ઘટના!

## LIVE મેચમાં વીજળી પડતા ખેલાડીનું મોત નિપજ્યું

**ફુટબોલર સોફ્વાન અવાઈ પર અચાનક વીજળી પડી, જેનાથી તેનું મોત થયું અને આશરે ૧૨ ખેલાડી ઈજાગ્રસ્ત**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બેંગકોક, તા.૦૬ :** રમતને મનોરંજનનું એક માધ્યમ માનવામાં આવે છે. પરંતુ ઘણીવાર રમતના મેદાન પર એવી દર્દનાક દુર્ઘટના થાય છે, જે બધાને ઝકઝોર કરી દે છે. આવી ઘટના થાઈલેન્ડમાં એક ફુટબોલ મેચ દરમિયાન બની છે. ૨૪ વર્ષના થાઈ ફુટબોલર સોફવાન અવાઈ પર અચાનક વીજળી પડી, જેનાથી તેનું મોત થયું છે અને આશરે ૧૨ ખેલાડીઓ ઈજાગ્રસ્ત થયા છે. આ દુર્ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

ધ ઈન્ડિપેન્ડેન્ટના રિપોર્ટ પ્રમાણે ગોલોક એફએ કપ નામની એક સ્થાનિક ટૂર્નામેન્ટ ચાલી રહી હતી, જેમાં થાઈ-મલેશિયાની ટીમો ભાગ લઈ રહી હતી. મંગળવારે સેમકોલ્ટ્સ અને અબૂ X નોંગ સિરિન વચ્ચે મેચ રમાઈ હતી. સોફવાન અવાઈ સેમકોલ્ટ્સ ટીમ માટે વિંગર તરીકે રમી રહ્યો હતો. થાઈલેન્ડમાં ચાલી રહેલી આ મેચ દરમિયાન અચાનક વીજળી પડી, જેના કારણે તેનું મોત થયું છે.

રિપોર્ટ્સ પ્રમાણે તેને ગંભીર ઈજા થઈ અને મેડિકલ ટીમે તેને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેણે દમ તોડી દીધો. મેદાન પર વીજળી પડવાથી અવાઈનું નિધન થઈ ગયું. તો ૧૨ ખેલાડીઓને ઈજા થઈ છે. તેનો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે.

રિપોર્ટ્સમાં તે જણાવવામાં આવ્યું છે કે, થાઈલેન્ડમાં વીજળી પડવાથી થતાં મૃત્યુ સામાન્ય છે. ડિપાર્ટમેન્ટ ઓફ ડિઝીસ કંટ્રોલ અનુસાર ૨૦૨૦થી ૨૦૨૪ વચ્ચે ૨૮૩ લોકો પર વીજળી પડી, જેમાં મોટા ભાગના લોકોએ જીવ ગુમાવ્યા.

ફુટબોલ એસોસિએશન ઓફ થાઈલેન્ડે સોફવાન અવાઈના નિધન પર શોક વ્યક્ત કરતા લખ્યું, 'એસોસિએશન આ ક્ષતિ પર પોતાના તરફથી શોક વ્યક્ત કરે છે. આ દુખદ સમયમાં તેમના પરિવાર, ફુટબોલ ક્લબ અને તેનાથી પ્રભાવિત લોકો પ્રત્યે અમારી સંવેદનાઓ છે.'

### ગાલે ટેસ્ટ પહેલા ભારતીય ટીમ માટે ખરાબ સમાચાર

## કેપ્ટન શુભમન ગિલ નેટમાં બેટિંગ કરતી વખતે ઈજાગ્રસ્ત




**ગિલને બોલ વાગવાથી અંગૂઠામાં ઈજા થઈ હતી : તેને તાત્કાલિક મેડિકલ સ્ટાફ પાસેથી સારવાર લેવી પડી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬ :** ભારત અને શ્રીલંકા વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી શરૂ થાય તે પહેલાં ટીમ ઈન્ડિયા માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કોલંબોમાં પ્રેક્ટિસ સેશન દરમિયાન કેપ્ટન શુભમન ગિલને બોલ અંગૂઠા પર વાગ્યો હતો. આ ઘટના પછી તરત જ તેને મેડિકલ સ્ટાફની મદદ લેવા માટે નેટ છોડીને જવું પડ્યું હતું. ભારતીય ટીમ ૪ ઓગસ્ટના રોજ શ્રીલંકા પહોંચી હતી. ખેલાડીઓએ બીજા જ દિવસે પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી અને ગુરુવારે ટીમ ટેસ્ટ શ્રેણી પહેલા સખત તૈયારીઓમાં વ્યસ્ત હતી. આ સેશન દરમિયાન ફાસ્ટ બોલરોનો સામનો કરતી વખતે ગિલને બોલ અંગૂઠા પર વાગ્યો હતો.

ઈજા પછી મેડિકલ સ્ટાફે ગિલની તાત્કાલિક સારવાર કરી. પ્રાથમિક અહેવાલો અનુસાર, ભારતીય કેપ્ટન નેટ પર પાછો ફર્યો અને સારવાર પછી ફરી બેટિંગ શરૂ કરી હતી, જેનાથી ટીમ મેનેજમેન્ટને રાહત મળી. હાલ માટે ઈજા ગંભીર લાગતી નથી. કેચિંગ પ્રેક્ટિસ દરમિયાન તેને બીજી ઈજા થઈ. સ્લિપ કેચિંગ પ્રેક્ટિસ કરતી વખતે બોલ ફરીથી તેના જમણા હાથમાં વાગ્યો, જેના કારણે તે પીડાથી બૂમો પાડવા લાગ્યો. ફિઝિયોએ આઈસ પેક લગાવ્યો.

ટીમ ઈન્ડિયા શુક્રવારથી સ્થાનિક શ્રીલંકા XI સામે ત્રણ દિવસીય વોર્મ-અપ મેચ રમશે. પરિસ્થિતિને જોતાં ટીમ મેનેજમેન્ટ ખેલાડીઓ સાથે કોઈ જોખમ લેવા માંગશે નહીં, કારણ કે ટીમ પહેલેથી જ ઈજાઓથી ઝઝૂમી રહી છે.

ભારતનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઈજાને કારણે આ ટેસ્ટ શ્રેણીમાંથી પહેલાથી જ બહાર થઈ ગયો છે. મોહમ્મદ સિરાજ તેની ગેરહાજરીમાં પેસ આક્રમણનું નેતૃત્વ કરશે. ઓલરાઉન્ડર શિવમ દુબે પણ ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણી દરમિયાન થયેલી હેમસ્ટ્રિંગની ઈજામાંથી બહાર નીકળી શક્યો નથી અને આ પ્રવાસ માટે ઉપલબ્ધ નથી.

ભારતના ફાસ્ટ બોલિંગ વિભાગમાં સતત ઈજાઓએ ચિંતા વધારી છે. હર્ષિત રાણા પહેલેથી જ સાઈડલાઈન છે અને ટીમ શ્રીલંકા પ્રવાસમાં નવા સંયોજન સાથે રમશે.

**ભારતીય ટીમ :** શુભમન ગિલ (કેપ્ટન), કેએલ રાહુલ (વાઈસ-કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, રિષભ પંત (વિકેટકીપર), દેવદત્ત પડિકલ, સાઈ સુદર્શન (ફિટનેસ ક્લિયરન્સને આધીન), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, માનવ સુથાર, આકીબ નબી, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, ગુરનૂર બ્રાર અને સારાંશ જૈન.

## પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર કરસન ઘાવરીની સલાહ: જસપ્રિત બુમરાહને ૧ વર્ષ માટે આરામ આપી દો

**ઘાવરીનું માનવું છે કે બુમરાહને વારંવાર ઉતાવળમાં મેદાન પર ઉતારવાને બદલે તેને લાંબો બ્રેક આપવો જોઈએ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬ :** ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ વધુ એક વખત ઈજાના ગંભીર કારણોસર ક્રિકેટિંગ એક્શનથી દૂર થઈ ગયો છે. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન થયેલી ઈજામાંથી તે હજુ સુધી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ શક્યો નથી. જેના કારણે તેને શ્રીલંકા સામેની આગામી ૨ ટેસ્ટ મેચની સિરીઝમાંથી સત્તાવાર રીતે બહાર કરવામાં આવ્યા છે. બુમરાહની જગ્યાએ જમ્મુ-કાશ્મીરના યુવા ફાસ્ટ બોલર આકિબ નબીને ૧૫ ઓગસ્ટથી શરૂ થનારી ટેસ્ટ સિરીઝ માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર કરસન ઘાવરીએ બુમરાહની લાંબી કારકિર્દી માટે BCCI અને ટીમ મેનેજમેન્ટને એક મોટી સલાહ આપી છે. ઘાવરીનું માનવું છે કે બુમરાહને વારંવાર ઉતાવળમાં મેદાન પર ઉતારવાને બદલે ૫ થી ૬ મહિના અથવા જો જરૂર પડે તો પૂરા ૧ વર્ષનો લાંબો બ્રેક આપવો જોઈએ, જેથી તેઓ સંપૂર્ણપણે ફિટ થઈ શકે.

બે વર્લ્ડ કપમાં રમી ચૂકેલા કરસન ઘાવરીએ સ્પષ્ટ કર્યું કે, ૫૦ અથવા ૬૦ ટકા ફિટ ખેલાડીને ક્યારેય ટીમમાં સામેલ કરવો જોઈએ નહીં. અડધા ફિટ ખેલાડીઓ જ્યારે મોટી સિરીઝમાં મેદાન પર ઉતરે છે ત્યારે વર્કલોડ વધવાને કારણે તેમનું શરીર સાથ છોડી દે છે. આનાથી મેચ દરમિયાન ટીમનું આખું સંતુલન બગડે છે, જે દેશ અને ખેલાડી બંને માટે મોટું નુકસાન સાબિત થાય છે. ૭૫ વર્ષીય પૂર્વ ક્રિકેટરે બુમરાહ માટે ત્રણેય ફોર્મેટ સતત રમવાને અવ્યવહારુ ગણાવ્યા છે. તેમણે કહ્યું કે બુમરાહનો ઉપયોગ મુખ્યત્વે ટેસ્ટ ક્રિકેટમાં થવો જોઈએ, કારણ કે આ ભારત માટે સૌથી મહત્ત્વપૂર્ણ ફોર્મેટ છે. સતત આઈપીએલ (IPL), ટી૨૦ અને વનડે રમવાથી શરીર પર ભારે દબાણ આવે છે, જેને લાંબા સમય સુધી સહન કરવું મુશ્કેલ બને છે.

કરસન ઘાવરીએ અનુભવી બોલરો મોહમ્મદ શમી અને ભુવનેશ્વર કુમારને ફરીથી ભારતીય ટીમમાં તક આપવાની માંગ કરી છે. તેમના મતે આ બંને ખેલાડીઓ સતત ફિટ રહ્યા છે અને સારું પ્રદર્શન કરી રહ્યા છે. તેમની વાપસીથી જસપ્રિત બુમરાહ અને અન્ય યુવા બોલરો પરથી વર્કલોડનું દબાણ ઘટી જશે અને ટીમ વધુ મજબૂત બનશે.

### 'અમે પહેલા જ ચેતવણી આપી હતી'

## ભારતમાંથી શેખ હસીનાએ વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સ કરતાં બાંગ્લાદેશ ખિજાયું

**લગભગ ૨૫ મિનિટના તેમના સંબોધનમાં સુરક્ષા કારણોસર તેમનો કેમેરો બંધ હતો, તેથી માત્ર તેમનો અવાજ સંભળાતો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬**

બાંગ્લાદેશમાં Gen-Z આંદોલન પછી શેખ હસીના સરકારના તખ્તાપલટના બુધવારે બે વર્ષ પૂરા થઈ ગયા. પરંતુ આ બે વર્ષોમાં શેખ હસીના બાંગ્લાદેશને ભૂલ્યા નથી. તે આજે પણ બાંગ્લાદેશ પરત ફરવાની વાત કરી રહ્યા છે. ગઈકાલે બુધવારે તેમના સંબોધન પછી બાંગ્લાદેશ ભડકી ગયું છે. તેમના ઈવેન્ટ સાથે જોડાયેલા ક્રિકેટર અને તેમની પાર્ટીના સાંસદ રહેલા શાકિબ અલ હસનના ઘર પર હુમલો પણ થયો.

બાંગ્લાદેશમાં અલગ-અલગ જગ્યાએ વિરોધ પ્રદર્શન થયા. આ પહેલા બુધવારે નવી દિલ્હી સ્થિત એક પ્રેસ કોન્ફરન્સમાં શેખ હસીના વર્ચ્યુઅલી જોડાયા. અને તેમણે અહીંથી પોતાના લોકોને સંબોધિત કર્યા. તેમણે કહ્યું કે, બાંગ્લાદેશના લોકોએ છેલ્લા બે વર્ષમાં ઘણું દર્દ સહન કર્યું છે, ચારેય તરફ ડર ફેલાઈ ગયો છે, અને આ ડરને ખતમ કરવા માટે આ વર્ષે ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરશે, પછી ભલે એવું કર્યા પછી તેમનો જીવ જ કેમ ન જતો રહે. લગભગ ૨૫ મિનિટના તેમના સંબોધનમાં સુરક્ષા કારણોસર તેમનો કેમેરો બંધ હતો, તેથી માત્ર તેમનો અવાજ સંભળાતો હતો. તેમણે કહ્યું કે, બાંગ્લાદેશની વર્તમાન સરકાર તેમને ખોટા કેસો, મૃત્યુદંડ અને દેખાડાની સુનાવણીથી ડરાવી શકતી નથી.

વિદ્યાર્થી આંદોલન અને હંગામા દરમિયાન બાંગ્લાદેશ છોડવા અંગે તેમણે કહ્યું કે, પ્રદર્શનકારીઓ પીએમ આવાસ તરફ વધી રહ્યા હતા, અને તેમની પાસે તે સમયે નીકળવા માટે માત્ર ૩૦ થી ૪૦ મિનિટ જ હતી. પરિસ્થિતિ એવી બની કે તેમને દેશ છોડવો પડ્યો. પરંતુ તે પાછા જરૂર ફરશે. તેમના જણાવ્યા મુજબ તે મજબૂરીમાં દેશ છોડીને ગયા હતા.

પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની નવી દિલ્હીથી થયેલી વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સને લઈને બાંગ્લાદેશે ભારત સામે કડક વિરોધ નોંધાવ્યો છે. ઢાકાએ દાવો કર્યો કે, તેમણે આ કાર્યક્રમની સંભવિત અસરને લઈને પહેલાથી જ ભારત સરકારને ચેતવણી આપી હતી, પરંતુ તેમ છતાં તેને આયોજિત થવા દેવામાં આવ્યો. બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે તેને બંને દેશોના સંબંધોને સામાન્ય બનાવવાના પ્રયાસો માટે નુકસાનકારક ગણાવ્યું અને કહ્યું કે આ ઘટનાથી ત્યાંની જનતાની લાગણીઓ પણ દુભાઈ છે. જણાવી દઈએ કે, બાંગ્લાદેશ છોડ્યા પછીથી જ શેખ હસીના ભારતમાં રહી રહ્યા છે, અને ત્યારથી બાંગ્લાદેશ તેમના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યું છે. શેખ હસીના પણ જાણે છે કે જેવા તે બાંગ્લાદેશ પહોંચશે કે તરત જ તેમની ધરપકડ કરી લેવામાં આવશે, અને શક્ય છે કે ફાંસી આપી દેવામાં આવે. શેખ હસીના વિરુદ્ધ બાંગ્લાદેશમાં ૬૬૩ કેસ નોંધાયેલા છે. જેમાંથી લગભગ ૪૫૩ કેસ તો હત્યાના છે. તેમાંથી મોટાભાગના કેસ ૨૦૨૪માં થયેલા આ આંદોલન સાથે જોડાયેલા છે, જેણે તેમનો તખ્તાપલટ કરી દીધો હતો. ગયા વર્ષે ૧૭ નવેમ્બરે ઢાકાની એક વિશેષ અદાલતે શેખ હસીનાને 'માનવતા વિરુદ્ધના અપરાધ'ના દોષી માનતા મૃત્યુદંડની સજા સંભળાવી હતી.

### શેખ હસીનાની પ્રેસ કોન્ફરન્સમાં સામેલ હતા

## બાંગ્લાદેશના પૂર્વ કેપ્ટન શાકિબના ઘર પર બોમ્બથી હુમલો કરાયો

**પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી, સંડોવાયેલા લોકોની ઓળખ તાત્કાલિક થઈ શકી નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાકા, તા.૦૬**

બાંગ્લાદેશ ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટનના ઘર પર પેટ્રોલ બોમ્બથી હુમલો કરવામાં આવ્યો છે. બુધવારે નવી દિલ્હીમાં ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના દ્વારા આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપ્યાના થોડા કલાકો પછી જ આ હુમલો થયો. આ ઘટના મગુરા-૧ સ્થિત બાંગ્લાદેશના ભૂતપૂર્વ સાંસદના ઘરે બની હતી.

એવું કહેવાય છે કે બાંગ્લાદેશ રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન અને મગુરા મતવિસ્તારના ભૂતપૂર્વ સાંસદ શાકિબ અલ હસનના ઘરે કેટલાક કટ્ટરપંથી જૂથોએ અનેક પેટ્રોલ બોમ્બ ફેંક્યા હતા. આ ઘટના રાત્રે લગભગ ૮:૪૫ વાગ્યે બની હતી. ઘરમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. નવી દિલ્હીના ફોરેન કોરસપોન્ડન્ટ્સ ક્લબમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન શાકિબે શ્રીલંકાના શેખ હસીના સાથે પણ વાત કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશના ભૂતપૂર્વ કેપ્ટન અને ભૂતપૂર્વ સાંસદ શાકિબ અલ હસન નવી દિલ્હીમાં પદભ્રષ્ટ વડા પ્રધાન શેખ હસીના માટે એક મીડિયા કાર્યક્રમમાં હાજરી આપ્યાના કલાકો પછી અજાણ્યા વ્યક્તિઓએ બાંગ્લાદેશના મગુરા જિલ્લામાં તેમના ઘર પર કથિત રીતે હુમલો કર્યો હતો.

મગુરા સદર પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસર મોહમ્મદ અબ્દુલ્લા અલ મામુને જણાવ્યું હતું કે, "આ ઘટના મગુરા શહેરના કેશવ મોડ વિસ્તારમાં શાકિબના ઘરે રાત્રે ૯ વાગ્યે બની હતી. ધ ડેઈલી સ્ટારને આપેલા નિવેદન મુજબ, ઘણા બદમાશોએ ઘર પર ઈંટો ફેંકી, બારીઓ તોડી નાખી અને આગ લગાવવાનો પ્રયાસ પણ કર્યો."

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. સંડોવાયેલા લોકોની ઓળખ તાત્કાલિક થઈ શકી નથી. ઘરની આસપાસ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. તપાસ ચાલી રહી છે. આ અગાઉ બુધવારે શેખ હસીના નવી દિલ્હીમાં The Foreign Correspondents Club Of South Asia ખાતે વર્ચ્યુઅલી આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં જોડાયા હતા, ત્યાંથી તેમના લોકોને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં બાંગ્લાદેશના લોકોએ ખૂબ જ સહન કર્યું છે, દરેક જગ્યાએ ભય ફેલાયો છે, અને તેઓ આ ભયનો અંત લાવવા




માટે આ વર્ષે ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પાછા ફરશે, ભલે તેમને આમ કર્યા બાદ તેમનો જીવ ગુમાવવો પડે. તેમના લગભગ ૨૫ મિનિટના સંબોધન દરમિયાન સુરક્ષા કારણોસર તેમનો કેમેરા બંધ કરવામાં આવ્યો હતો, તેથી ફક્ત તેમનો અવાજ જ સાંભળી શકાયો. તેમણે કહ્યું હતું કે, બાંગ્લાદેશની વર્તમાન સરકાર તેમને ખોટા કેસ, મૃત્યુદંડની સજા અને બનાવટી ટ્રાયલથી ડરાવી શકતી નથી.

### સરકારે યોજનાને મંજૂરી આપી

## કેબિનેટની બેઠકમાં લેવાયો મોટો નિર્ણય: ગામડે-ગામડે બનશે ગેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬**

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ગુરુવારે ૨ મોટા નિર્ણયો લેવાયા, જેની સીધી અસર ભારતની ઈકોનોમી પર પડશે. પહેલો નિર્ણય ગોવર્ધન યોજનાને મંજૂરી, જેની અંદર ભારતમાં ગેસ બનાવવા અને વિતરણને પ્રોત્સાહન મળશે. બીજો નિર્ણય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલો છે. સરકારે આસામમાં ૪ લેન હાઈવેને મંજૂરી આપી છે. આવો બંને નિર્ણય વિશે વિસ્તારથી જાણીએ.

સરકારે દેશમાં બાયોગેસ ઉત્પાદનને નવી દિશા આપવા માટે ૨૩,૭૩૧ કરોડ રૂપિયાની ગોવર્ધન રાષ્ટ્રીય યોજનાને મંજૂરી આપી છે. આ યોજના ૨૦૨૬-૨૭થી ૨૦૩૫-૩૬ સુધી ચાલશે. તેનો ઉદ્દેશ્ય ગોબર, પાકના અવશેષ, શહેરોનો જૈવિક કચરો અને બીજા બાયોમાસથી કંપ્રેસ્ડ બાયોગેસ બનાવવાનો છે.

આ યોજનાનો સૌથી મોટો ફાયદો ખેડૂતોને મળશે. હવે ગોબર અને ખેતીનો કચરો ખાલી ખેતરો સુધી મર્યાદિત નહીં રહે, ખેડૂતો તેને બાયોગેસ પ્લાન્ટને વેચીને વધારાની કમાણી કરી શકશે. તેનાથી પરાળી અને બીજા ખેતીના કચરાને સળગાવવાની જરૂરિયાત પણ ઓછી થશે, જેનાથી પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળશે.

સરકારનો ટાર્ગેટ દેશમાં બાયોગેસ ઉત્પાદનને હાલના સ્તરથી લગભગ ૧૦ ગણું વધારવાનું છે. તેના માટે દેશભરમાં નવા કંપ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ લગાવવામાં આવશે અને ખાનગી કંપનીઓ સાથે ઉદ્યમીઓને પણ રોકાણ માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

બાયોગેસ પ્લાન્ટ લગાવવાથી ગામમાં સ્થાનિક સ્તર પર રોજગારના નવા અવસર પેદા થશે. કચરાનો સંગ્રહ, પરિવહન પ્રોસેસિંગ અને ગેસ ઉત્પાદન સાથે જોડાયેલા કેટલાય નવા કારોબાર શરુ થઈ શકશે. તેનાથી ગ્રામીણ અર્થવ્યવસ્થાને પણ મજબૂતી મળશે. યોજના અંતર્ગત બાયોગેસ ખરીદની ગેરેન્ટી આપવામાં આવશે, જેથી પ્લાન્ટ લગાવનારાને બજારની ચિંતા ન રહે. બાયોગેસ માટે નિશ્ચિત અને સ્થિર કિંમત મળશે.

નવા પ્લાન્ટ લગાવવા માટે લોન અને સબ્સિડી આપવામાં આવશે. ગેસની સપ્લાય વધારવા માટે પાઈપલાઈન નેટવર્ક પણ વિકસિત કરવામાં આવશે. આ ઉપરાંત એમએસએમઈ અને બીજા ઉદ્યમીઓને સરળ લોન અને લોન ગેરેન્ટીની સુવિધા મળશે. જિલ્લા સ્તર પર બાયોગેસ પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવા માટે ફંડ પણ બનાવવામાં આવશે.

**ખરાબ સ્વાસ્થ્યના આધારે આસારામને વચગાળાના જામીન આપવાનો ઈનકાર**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬**

સગીર યુવતી સાથે દુષ્કર્મના આરોપમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામ બાપુને સુપ્રીમ કોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. સર્વોચ્ચ ન્યાયાલયે ખરાબ સ્વાસ્થ્યના આધાર પર આસારામને વચગાળાના જામીન આપવાનો ઈનકાર કરી દીધો છે. પરંતુ સુપ્રીમ કોર્ટે તે જરૂર કહ્યું છે કે સ્થિતિ ખરાબ થવા પર આસારામ બીજીવાર વચગાળાના જામીન માટે અપીલ કરી શકે છે, હાલ તેમણે જેલમાં જ રહેવું પડશે. સુપ્રીમ કોર્ટે આસારામની વચગાળાની જામીન અરજીને AIIMS ના રિપોર્ટને આધાર માનતા પેન્ડિંગ રાખી છે.

એમ્સમાં સારવાર કરાવી રહેલા આસારામના સ્વાસ્થ્યને લઈને હોસ્પિટલ તરફથી સુપ્રીમ કોર્ટમાં જણાવવામાં આવ્યું કે, હાલ તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી. જોકે, તેમના માટે ૨૪ કલાક તબીબી દેખરેખ રાખવાની સલાહ આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે આસારામની અરજીને પેન્ડિંગ રાખતા કહ્યું કે, સ્થિતિ ખરાબ થવા પર બીજીવાર વચગાળાના જામીન માટે માંગ કરી શકે છે. સુનાવણી દરમિયાન રાજસ્થાન સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મેહતાએ આરોપ લગાવ્યો કે આસારામે હાઈકોર્ટમાંથી ૨૦ દિવસના પેરોલ માંગ્યા હતા અને આ વાત સુપ્રીમ કોર્ટથી વચગાળાના જામીનની માંગ કરતા છુપાવવામાં આવી છે.

તુષાર મેહતાએ જણાવ્યું કે, આસારામને હાઈકોર્ટમાંથી ૨૦ દિવસના પેરોલ મળેલા છે. આ વચ્ચે વચગાળાના જામીનના માંગ પર સુપ્રીમ કોર્ટે પાછલી સુનાવણીમાં એમ્સ પાસેથી આસારામનો હેલ્થ રિપોર્ટ માંગ્યો હતો, જેના આધાર પર વચગાળાના જામીનનો ઈનકાર કરતા કોર્ટે અરજી પેન્ડિંગ રાખી છે. કોર્ટે એમ્સને પૂછ્યું કે, શું આસારામના હેલ્થ રિપોર્ટમાં જણાવવામાં આવે કે તેમને હોસ્પિટલમાં દાખલ રાખવા જરૂરી છે કે નહીં.

## મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ લિમિટેડનો આઈપીઓ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૦૬**

મોલબાયો ડાયગ્નોસ્ટિક્સ લિમિટેડ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રૂ.૧ ની ફેસ વેલ્યૂ ધરાવતા તેના ઈક્વિટી શેર્સ and નો આઈપીઓ શરૂ કરવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર્સ માટેની બિડીંગ તારીખ, બિડ/ઓફર શરૂ થવાની તારીખના કામકાજના એક દિવસ અગાઉ એટલે કે શુક્રવાર, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. જ્યારે બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. બિડ/




ઓફર બંધ થવાના દિવસે યુપીઆઈ મેન્ડેટ સ્વીકારવાનો છેલ્લો સમય સાંજે ૫:૦૦ વાગ્યા સુધી રહેશે.

ઓફર માટેનો પ્રાઈસ બેન્ડ રૂ.૧ ની ફેસ વેલ્યૂ ધરાવતા દરેક ઈક્વિટી શેર દીઠ રૂ.૭૬૮થી રૂ.૮૦૭ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો રૂ.૧ ની ફેસ વેલ્યૂ ધરાવતા ઓછામાં ઓછા ૧૮ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૮ શેરના ગુણાંકમાં બોલી લગાવી શકશે.

આ ઓફરમાં રૂ.૨,૦૦૦.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ ઉપરાંત વેચાણકર્તા શેરધારકો દ્વારા ૯૧,૬૬,૦૦૦ સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે.

કંપનીના ઈક્વિટી શેરોને બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે.

કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ, જેફ્રીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

# રશિયાના ભીષણ મિસાઈલ હુમલામાં ૨૧ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કિવ, તા.૦૬**

રશિયા અને યૂક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ છેલ્લા ૪૮ કલાકમાં વધુ ભીષણ બનતાં મોટો વિનાશ સર્જાયો છે. રશિયાએ યૂક્રેનના મહત્વના વિસ્તારો પર ૨૪ બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોન વડે તીવ્ર હુમલા કર્યા છે, જેમાં ૨૧ લોકોના સ્થળ પર જ મોત નિપજ્યા છે, જ્યારે છેલ્લા બે દિવસમાં કુલ મૃત્યુઆંક ૬૦ સુધી પહોંચી ગયો છે. રશિયા અને યૂક્રેન વચ્ચે ક્ષેત્રીય વર્ચસ્વ અને સૈન્ય વ્યૂહરચનાને લઈને ચાલી રહેલા આ ઘાતક સંઘર્ષે હવે અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું છે.

મળતી માહિતી મુજબ, રશિયન સેનાએ છેલ્લા ૪૮ કલાક દરમિયાન યૂક્રેનના સૈન્ય મથકો અને રહેણાંક વિસ્તારોને લક્ષ્ય બનાવીને ઘાણીફૂટ બેલેસ્ટિક મિસાઈલો દાગી હતી. આ ભીષણ રોકેટ અને મિસાઈલ હુમલામાં અત્યાર સુધીમાં ૨૧ જેટલા નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે સતત થઈ રહેલા બોમ્બમારાના કારણે બે દિવસમાં કુલ મૃત્યુઆંક ૬૦ પર પહોંચી ગયો છે.

રશિયન સંરક્ષણ મંત્રાલયના દાવો અનુસાર, તેમણે યૂક્રેન તરફથી વળતા પ્રહાર રૂપે મોકલવામાં આવેલા આશરે ૪૭૫ જેટલા ડ્રોનને હવામાં જ તોડી પાડીને નિષ્ફળ બનાવ્યા છે. રશિયાએ કૂલ ૨૪ બેલેસ્ટિક મિસાઈલ છોડીને યૂક્રેનિયી સૈન્ય લોજિસ્ટિક્સ અને પાવર ગ્રીડ સિસ્ટમને મોટું નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. આ ભયાનક હુમલાઓને કારણે યૂક્રેનના અનેક શહેરોમાં મકાનો ધરાશાયી થઈ ગયા છે અને હજારો લોકો બેઘર બન્યા છે. હુમલાની તીવ્રતા એટલી વધારે હતી કે આસપાસના વિસ્તારોમાં વીજળી અને પાણી પુરવઠો સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે.

બંને દેશો વચ્ચે વધતા જતા આ સૈન્ય સંઘર્ષથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ચિંતા વ્યાપી ગઈ છે. સંયુક્ત રાષ્ટ્ર અને વૈશ્વિક નેતાઓએ તાત્કાલિક યુદ્ધવિરામ અને શાંતિ વાટાઘાટો શરૂ કરવા અપીલ કરી છે. જોકે, રશિયા દ્વારા કરવામાં આવેલા આ મોટા હુમલા બાદ યૂક્રેને પણ ભારે વળતો પ્રહાર કરવાની ચેતવણી આપી છે. આથી આગામી દિવસોમાં આ યુદ્ધ વધુ ઉગ્ર બને અને વૈશ્વિક અર્થતંત્ર તેમજ ઈંધણના પુરવઠા પર તેની ગંભીર નકારાત્મક અસરો પડે તેવી પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે.

# રાષ્ટ્રપતિના હેલિકોપ્ટરની નજીક આવી ગયું હતું પેસેન્જર વિમાન : મોટી દુર્ઘટનાથી માત્ર ૧ માઈલ દૂર હતા ટ્રમ્પ !

## ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ આ હવાઈ "સુરક્ષા ઘટના" ની તપાસ શરૂ કરી છે





(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૦૬**

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હવાઈ મુસાફરીમાં એક મોટી સુરક્ષા ભૂલ પ્રકાશમાં આવી છે, અને તપાસ ચાલી રહી છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ આ હવાઈ "સુરક્ષા ઘટના" ની તપાસ શરૂ કરી છે. રાષ્ટ્રપતિનું "મરીન વન" હેલિકોપ્ટર સ્થાપિત સલામતી પ્રોટોકોલનું ઉલ્લંઘન કરીને વોશિંગ્ટન ડી.સી. ઉપર બીજા વિમાનની ખતરનાક રીતે નજીક આવી ગયું.

અહેવાલ છે કે મંગળવારે બપોરે, જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પને લઈ જતું લશ્કરી હેલિકોપ્ટર વ્હાઈટ હાઉસથી ઉડાન ભરી રહ્યું હતું, ત્યારે એર ટ્રાફિક કંટ્રોલર્સ (ATC) ઉત્તરી વર્જિનિયાના રોનાલ્ડ રીગન રાષ્ટ્રીય હવાઈમથક પર અજાણતાં કોમર્શિયલ ફ્લાઈટ્સને રોકવામાં નિષ્ફળ ગયા.

એક સૂત્રએ સમાચાર એજન્સી રોઈટર્સને જણાવ્યું હતું કે ઉડાન દરમિયાન "લોસ ઓફ સેપરેશન" ની ઘટના બની હતી, જ્યાં હેલિકોપ્ટર અને ફ્લોરિડા જતું એક પેસેન્જર જેટ જે થોડા સમય પહેલા ઉડાન ભરી ચૂક્યું હતું. નિયમોની મંજૂરી કરતાં એકબીજાની નજીક આવી ગયા હતા. જોકે, બંને વિમાનો ટકરાતા માર્ગ પર હોય તેવું લાગતું નથી.

એક નિવેદનમાં, ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ જણાવ્યું હતું કે, તે "મરીન વનની સલામતી સાથે સંકળાયેલી ઘટનાની તપાસ કરી રહ્યું છે, પરંતુ તે કોઈ ખતરનાક પરિસ્થિતિ અથવા વિમાનને અથડાવાનું જોખમ હોય તેવું લાગતું નથી."

આ દરમિયાન, વ્હાઈટ હાઉસના પ્રવક્તા કુશ દેસાઈએ વોલ સ્ટ્રીટ જર્નલે જણાવ્યું હતું કે, "મરીન વન ફ્લાઈટ્સ વિશ્વના કેટલાક શ્રેષ્ઠ પાઈલટ્સ દ્વારા સંચાલિત થાય છે, અને રાષ્ટ્રપતિ ક્યારેય કોઈ જોખમમાં નહોતા."

જોકે, ગયા વર્ષે જાન્યુઆરીમાં રાષ્ટ્રની રાજધાની પર એક કોમર્શિયલ એરલાઈનર અને આર્મી બ્લેક હોક હેલિકોપ્ટર વચ્ચેની ટક્કર બાદ અલગ થવાના નિયમો કડક કરવામાં આવ્યા પછી બે વિમાનો ખતરનાક રીતે નજીક આવવાની આ ઘટના બની હતી. અગાઉના અકસ્માતમાં સિત્તેર લોકોએ જીવ ગુમાવ્યા હતા. સરકારે તે ઘટના અંગે બેદરકારી સ્વીકારી હતી. તે બે દાયકાથી વધુ સમયમાં અમેરિકન ભૂમિ પર સૌથી ભયંકર હવાઈ દુર્ઘટના હતી.

મંગળવારની ઘટનાએ યુએસ ઉડ્ડયન સલામતી અંગે પ્રશ્નો ઉભા કર્યા છે. આ વિમાન એમ્બ્રેર E170 જેટ હતું, જે અમેરિકન એરલાઈન્સની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, એન્વોય એર દ્વારા પેન્સાકોલા માટે ફ્લાઈટ ૩૭૪૨ તરીકે સંચાલિત હતું. ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટઅવેર અનુસાર, વિમાન મંગળવારે બપોરે ૨:૧૮ વાગ્યે રીગન નેશનલ ખાતે તેના ગેટ પરથી નીકળ્યું હતું પરંતુ સમયપત્રકથી ૩૪ મિનિટ મોડું ઉડાન ભરીને ૨:૩૪ વાગ્યે હવામાં ઉડાન ભરી હતી.

રિપોર્ટ અનુસાર, મરીન વન વ્હાઈટ હાઉસ નજીક એલિપ્સથી બપોરે ૨:૩૩ વાગ્યે ઉડાન ભરી હતી જેથી રાષ્ટ્રપતિ ટ્રમ્પને લોસ એન્જલસની ફ્લાઈટ માટે જોઈન્ટ બેઝ એન્ડ્રૂઝ લઈ જઈ શકાય.

અગાઉના અકસ્માત બાદ લાગુ કરાયેલા નવા FAA નિયમો હેઠળ, એરપોર્ટની નજીક કાર્યરત વિમાનોએ ઓછામાં ઓછું ૧.૫ માઈલ આડા અને ૫૦૦ ફૂટ ઊભી અંતર જાળવવું આવશ્યક છે.

### એફ-૧ વિઝામાં મોટો ઘટાડો કર્યો

# ડોનાલ્ડ ટ્રમ્પ સરકારનો ભારતીય વિદ્યાર્થીઓ સામે વધુ એક પ્રહાર

## વર્ષ ૨૦૨૫ માં મે થી ઓગસ્ટ મહિના વચ્ચે માત્ર ૨૨,૧૪૯ ભારતીય વિદ્યાર્થીઓને એફ-૧ વિઝા આપવામાં આવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૬**

અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનું સ્વપ્ન જોઈ રહેલા હજારો ભારતીય વિદ્યાર્થીઓ માટે મોટા માઠા સમાચાર આવ્યા છે. અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને ભારતીય અને ચીની વિદ્યાર્થીઓને જારી કરવામાં આવતા F-1 સ્ટુડન્ટ વિઝામાં ભારે કાપ મૂક્યો છે.

'સેન્ટર ફોર ઈમિગ્રેશન સ્ટડીઝ' (CIS) ના તાજેતરના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે વીતેલા વર્ષમાં અમેરિકન પ્રશાસન દ્વારા જારી કરાયેલા F-1 વિઝાની સંખ્યામાં ભૂતકાળની સરખામણીએ જંગી ઘટાડો નોંધાયો છે.

રિપોર્ટના આંકડા અનુસાર, વર્ષ 2025 માં મે થી ઓગસ્ટ મહિના વચ્ચે માત્ર 22,149 ભારતીય વિદ્યાર્થીઓને F-1 વિઝા આપવામાં આવ્યા હતા. જ્યારે વર્ષ 2024 માં આ જ સમયગાળા દરમિયાન 58,694 ભારતીયોને વિઝા મળ્યા હતા. આમ, ભારતીય વિદ્યાર્થીઓના વિઝામાં સીધો 62% નો મોટો ઘટાડો નોંધાયો છે.

બીજી તરફ, ચીની વિદ્યાર્થીઓની વાત કરીએ તો મે-ઓગસ્ટ 2025 દરમિયાન તેમને 40,034 વિઝા આપવામાં આવ્યા હતા, જે વર્ષ 2024 ના 61,075 ની સરખામણીએ 34% નો ઘટાડો દર્શાવે છે. નોંધનીય છે કે, વર્ષ 2024-25 ના શૈક્ષણિક સત્રમાં યુએસની યુનિવર્સિટીઓમાં કુલ 11,77,766 વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા, જેમાંથી ભારત (3,63,019) અને ચીન (2,65,919) ના વિદ્યાર્થીઓ મળીને કુલ ટકાવારીનો 53% હિસ્સો ધરાવતા હતા.

અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) યોજના હેઠળ વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકામાં જ રહીને કામ કરવાની મંજૂરી મળે છે.

F-1 વિઝામાં કાપ આવવાથી આ યોજના પણ સીધી રીતે પ્રભાવિત થઈ છે. વર્ષ 2024-25 માં 2,94,253 વિદેશી વિદ્યાર્થીઓ OPT હેઠળ કામ કરી રહ્યા હતા, જેમાં 1,43,740 ભારતીયો અને 61,981 ચીની નાગરિકો હતા.

CIS ના મતે, જો ભારત અને ચીનથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટશે, તો અમેરિકન શ્રમ બજારને મળતા વિદેશી પ્રોફેશનલ્સની સંખ્યામાં પણ મોટો ઘટાડો થશે.

મીડિયા અહેવાલો મુજબ, ટ્રમ્પ પ્રશાસન એક એવા મોટા પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યું છે, જે હેઠળ ગ્રેજ્યુએશન પછી જો કોઈ વિદ્યાર્થી અમેરિકામાં રહીને નોકરી કરવા માંગતો હોય તો તેણે સરકારને $100,000 (અંદાજે 95 લાખ રૂપિયા) ની જાડી ફી ચૂકવવી પડી શકે છે. આ ઉપરાંત, નવા વિઝા નિયમો લાવવાની પણ તૈયારી છે, જેનાથી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અભ્યાસ પૂરો થયા પછી લાંબા સમય સુધી યુએસમાં રોકાઈ શકશે નહીં.

હાલની વ્યવસ્થા અનુસાર જ્યાં સુધી અભ્યાસ ચાલુ રહે ત્યાં સુધી વિઝા લંબાવી શકાતો હતો, પરંતુ હવે આ પ્રોસેસ બંધ કરીને કડક મર્યાદાઓ લાદવામાં આવી રહી છે.




### "આ અમારી પોતાની વ્યાખ્યા છે"

# 'રામાયણ' ફિલ્મના કોસ્ચ્યુમ ડિઝાઇનર્સનો ટ્રોલર્સને જવાબ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

નિતેશ તિવારી દિગ્દર્શિત 'રામાયણ'નાં ટ્રેલરની ભવ્યતા, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને સ્ટારકાસ્ટ માટે મોટાભાગે વખાણ થયાં છે, પરંતુ ફિલ્મનાં કોસ્ચ્યુમ્સને લઈને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા પણ શરૂ થઈ છે. ખાસ તો સાઈ પલ્લવીના સીતાના પાત્રમાં પહેરેલા બ્લાઉઝ અને લારા દત્તાના કૈકેયીના લૂકની ટીકા કરવામાં આવી હતી. હવે ફિલ્મનાં કોસ્ચ્યુમ ડિઝાઈનર્સ રિમ્પલ અને હરપ્રીત નરુલાએ આ વિવાદ પર પોતાનો પક્ષ રજૂ કર્યો છે.

વાતચીતમાં રિમ્પલે જણાવ્યું કે, 'રામાયણ' જેવી મહાકાવ્ય કૃતિ સાથે લોકોની લાગણીઓ જોડાયેલી હોવાથી ફિલ્મને લઈને ચર્ચા થવી સ્વાભાવિક હતી. તેમણે કહ્યું, "અમને ખબર હતી કે 'રામાયણ' અનેક પેઢીઓની સામૂહિક ચેતનામાં વસેલું મહાકાવ્ય છે. તેથી કાસ્ટિંગ, કોસ્ટ્યુમ્સ અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અંગે લોકોના અલગ-અલગ અભિપ્રાયો આવશે. જોકે, આટલા નકારાત્મક પ્રતિસાદની અપેક્ષા નહોતી."

ટ્રેલર બાદ સૌથી વધુ ચર્ચા સાઈ પલ્લવીનાં સીતા તરીકેના લૂકને લઈને થઈ હતી. તેનાં જવાબમાં રિમ્પલે જણાવ્યું કે, આ તેમની પોતાની આધ્યાત્મિક અને કલાત્મક કલ્પના છે. તેમણે કહ્યું, "જ્યારે હું આંખો બંધ કરીને માતા સીતાની કલ્પના કરું છું ત્યારે હું પુરાતત્વીય પ્રમાણિકતા વિશે વિચારતી નથી. હું મારા મંદિરમાં બિરાજમાન માતા સીતાને જે રીતે અનુભવું છું, તે જ સ્વરૂપ મેં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. આ સંપૂર્ણપણે વિચારપૂર્વક લેવાયેલો નિર્ણય હતો."

તેમણે વધુમાં ઉમેર્યું કે, ત્રેતાયુગના વસ્ત્રોના કોઈ મૂળ નમૂનાઓ આજે ઉપલબ્ધ નથી. તેથી ટીમે વર્ષોથી લોકો જોઈ રહ્યા છે તેવા કેલેન્ડર આર્ટ, મિનિયેચર પેઈન્ટિંગ્સ, મંદિરોની કલાત્મક અભિવ્યક્તિઓ અને રાજા રવિ વર્માની કૃતિઓમાંથી પ્રેરણા લીધી છે. તેમણે કહ્યું, "અમે તે સમયના મૂળ કપડાં ફરીથી બનાવી શકતા નથી. 'રામાયણ'ની વિવિધ દેશો અને સંસ્કૃતિઓમાં અલગ-અલગ રીતે રજૂઆત થઈ છે. આ અમારી પોતાની વ્યાખ્યા છે."

હરપ્રીત નરુલાએ પણ લારા દત્તાના કૈકેયીના લૂક અંગે થઈ રહેલી ટીકાનો પણ જવાબ આપ્યો. તેમણે જણાવ્યું કે, કૈકેયીની સાડી, બોર્ડર અને બ્લાઉઝ સહિત દરેક ડિઝાઈન પાછળ ચોક્કસ વિચાર છે. તેમણે કહ્યું, "તેમનાં વસ્ત્રોમાં લીલો રંગ માતૃત્વનું પ્રતિક છે, જ્યારે ઘેરો મરૂન રંગ તેમનાં આંતરિક સંઘર્ષ અને કઠોર નિર્ણયનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ પોતાનાં પુત્ર અને શ્રીરામ વચ્ચે ફસાયેલાં હતાં. દરેક રંગ ખૂબ જ વિચારપૂર્વક પસંદ કરવામાં આવ્યો છે."

હરપ્રીતે ઉમેર્યું કે, ઘણી વખત લોકો પાછળ રહેલા વિચારને સમજ્યા વગર તરત જ અભિપ્રાય આપી દે છે. કોસ્ચ્યુમ ડિઝાઈનર્સે દર્શકોને અપીલ કરી છે કે ફિલ્મ જોયા પહેલાં માત્ર ટ્રેલરના આધારે નિર્ણય પર ન આવી જાઓ. હરપ્રીતે કહ્યું, "અમે પ્રાચીન મહાકાવ્યને નવી પેઢી માટે દૃશ્યાત્મક રીતે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. દરેક દોરા અને દરેક ડિઝાઈન પાછળ વિચાર છે.

# દીપિકા રાકાનું શૂટિંગ પૂર્ણ કરી સપ્ટે. થી મેટર્નિટી લીવ પર



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

હાલ બોલિવુડની ટોચની હિરોઈનોમાં મોખરાનું સ્થાન ધરાવતી દીપિકા પાદુકોણ તેની આગામી ફિલ્મ 'રાકા'નું શૂટિંગ મુંબઈમાં કરી રહી છે. દીપિકા એટલી નિર્દેશિત આ મહત્વાકાંક્ષી ફિલ્મમાં પોતાના હિસ્સાનું શૂટિંગ પુરૂ કરી સપ્ટેમ્બરથી મેટર્નિટી લીવ પર જવાની છે.

દીપિકા સપ્ટેમ્બરની શરૂઆતમાં તેના હિસ્સાનું શૂટિંગ પુરૂ કરી લેવાની વેતરણમાં છે. ઉલ્લેખનીય છે કે, દીપિકા તથા રણવીરે ગત એપ્રિલમાં તેઓ બીજાં સંતાનના માતાપિતા બનવાનાં હોવાની જાહેરાત કરી હતી. દીપિકાની પહેલી દીકરી દુવાને આગામી સપ્ટેમ્બરમાં બે વર્ષ પૂર્ણ થવાનાં છે. 'રાકા'ના પ્રથમ ભાગનું આ ફાયનલ શેડ્યુઅલ છે. ફિલ્મમાં અલ્લુ અર્જુન મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો છે. 'રાકા' ફિલ્મનું શૂટિંગ પુરું થયા બાદ સપ્ટેમ્બરમાં પોસ્ટ પ્રોડક્શનનું કામ પણ શરૂ થઈ જશે તેમ મનાય છે.

લગભગ એક હજાર કરોડ રૂપિયાના તોતિંગ બજેટ સાથે બની રહેલી આ ફિલ્મ દીપિકાની કેરિયર માટે મહત્વની છે. 'રાકા' ઉપરાંત દીપિકા શાહરૂખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ'માં પણ મહત્વની ભૂમિકા ભજવી રહી છે. સુહાના ખાન અને શાહરૂખ ખાનની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મ 'કિંગ' આગામી નાતાલ વખતે રજૂ થવાની છે.

# મેં મારા શરીર સાથે મશીન જેવું વર્તન કર્યું છે : રશ્મિકા મંદાના

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રશ્મિકા મંદાનાએ પોતાની ગંભીર હિપ ઈજા અંગે પ્રથમ વખત જાહેર કરતાં જણાવ્યું છે કે સતત કામના દબાણ વચ્ચે તેણે પોતાનાં શરીર સાથે મશીન જેવું વર્તન કર્યું હતું. સોશિયલ મીડિયાથી થોડા સમય દૂર રહ્યા બાદ રશ્મિકાએ એક ભાવુક પોસ્ટ શેર કરીને પોતાની ગેરહાજરીનું કારણ જણાવ્યું અને હાલમાં સ્વસ્થ થવાની પ્રક્રિયામાં હોવાની માહિતી આપી છે. રશ્મિકાએ પોસ્ટ સાથે ઘરમાં આરામ દરમિયાનની કેટલીક તસવીરો પણ શેર કરી છે. તેમાં તેની સેલ્ફી, પાળેલા શ્વાનો સાથેની પળો, પઝલ ઉકેલતી તસવીરો, મીઠી વાનગીઓ અને ચાહકો તથા શુભેચ્છકો તરફથી મળેલી ભેટોની ઝલક જોવા મળે છે.

પોસ્ટમાં રશ્મિકાએ લખ્યું કે, શરૂઆતમાં તે આ ઈજાની વાત જાહેર કરવા માંગતી નહોતી, પરંતુ બાદમાં ચાહકો સાથે આ માહિતી શેર કરવાનો નિર્ણય કર્યો. તેણે જણાવ્યું કે, આ તેની સતત થયેલી ત્રીજી ઈજા છે. તેણે લખ્યું, "આ ઘટના થોડા સમય પહેલાં બની હતી અને સતત આ મારી ત્રીજી ઈજા છે. હવે મારે ચોક્કસપણે શીખવું પડશે કે મારે શરીર સાથે મશીન નહીં, પરંતુ માનવ શરીર તરીકે વર્તવું જોઈએ." રશ્મિકાએ ખુલાસો કર્યો કે, તેની આગામી ફિલ્મ 'માયસા'ના ડાન્સ સિક્વન્સનાં શૂટિંગ દરમિયાન જમણાં હિપને પગ સાથે જોડતી એક ટેન્ડન તૂટી ગઈ હતી. તેણે જણાવ્યું, "તમારા હિપની દરેક બાજુએ ચાર ટેન્ડન હોય છે, જે હિપને પગ સાથે જોડે છે. મારાં જમણાં હિપની એક ટેન્ડન અલગ થઈ ગઈ છે અને હવે ફરી જોડાય ત્યાં સુધી હું પગ યોગ્ય રીતે ઊંચો કરી શકતી નથી. આ ઈજા 'માઈસા'ના ડાન્સ શૂટ દરમિયાન થઈ હતી. ભગવાન! આ ચોક્કસપણે મારી અત્યાર સુધીની સૌથી આક્રમક ફિલ્મ છે."

ગંભીર ઈજા છતાં રશ્મિકાએ ચાહકોને વિશ્વાસ અપાવ્યો કે તે બરાબર છે. તેણે લખ્યું, "ચિંતા કરશો નહીં. દુઃખાવો થાય છે, પરંતુ અસહ્ય નથી." રશ્મિકાએ મજાકમાં ઉમેર્યું કે, કદાચ ભગવાન તેને થોડો વિરામ લેવા માટે સંકેત આપી રહ્યા છે, કારણ કે જો તેનાં હાથમાં હોત તો તે ક્યારેય આરામ ન લેત. તેણે જણાવ્યું કે, અગાઉ થયેલી તેની ઈજાઓ પણ અચાનક બનેલી દુર્ઘટનાઓનું પરિણામ હતી. સ્વસ્થ થવા સમય દરમિયાન તે પઝલ ઉકેલવામાં, ઘરે આરામ કરવામાં અને મીઠી વાનગીઓ માણવામાં સમય પસાર કરી રહ્યા છે. જોકે, તેણે સ્વીકાર્યું કે નિયમિત વર્કઆઉટ અને દોડવાથી દૂર રહેવું તેનાં માટે સૌથી મોટો પડકાર છે.

રશ્મિકાની આ પોસ્ટ બાદ ચાહકોએ સોશિયલ મીડિયા પર તેના ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છાઓ પાઠવી છે. સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ રશ્મિકા ફરીથી પોતાનાં વ્યસ્ત શીડ્યુલમાં પરત ફરશે. તે આગામી સમયમાં 'માઈસા', 'રાણાબલી', 'પુષ્પા ૩', 'એનિમલ પાર્ક' અને 'રાકા' જેવી ફિલ્મોમાં જોવા મળશે. હાલમાં, રશ્મિકા સંપૂર્ણ ધ્યાન સ્વસ્થ થવા પર કેન્દ્રિત કરી રહી છે અને ચાહકોને સમયાંતરે પોતાની તબિયત અંગે માહિતી આપતી રહેશે.

# અભિનેત્રી શ્રુતિ હસને ડીપફેકના ગેરકાયદે ઉપયોગ સામે બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

શ્રુતિ હસને પોતાની ઓળખ, વ્યક્તિત્વ અને પબ્લિસિટી રાઈટ્સના રક્ષણ માટે બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીમાં તેણે એઆઈ દ્વારા બનાવાયેલા ડીપફેક વીડિયો, નકલી બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ, અનધિકૃત રીતે તેની ઓળખના વ્યાવસાયિક ઉપયોગ અને તેની તસવીરોવાળા મર્ચેન્ડાઈઝના વેચાણ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ કોમર્શિયલ કેસમાં અનેક ભારતીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ તેમજ અજાણ્યા વ્યક્તિઓ (જહોન ડો પ્રતિવાદીઓ)ને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. શ્રુતિનો આરોપ છે કે આ તમામ તેનાં અધિકારોનું ઉલ્લંઘન કરતી સામગ્રીને હોસ્ટ અથવા પ્રસારિત કરવામાં સંકળાયેલા છે.

જસ્ટિસ અભય આહુજાએ લેટર્સ પેટન્ટની કલમ XII હેઠળ શ્રુતિ હસનને આ કેસ દાખલ કરવાની મંજૂરી આપી છે. કેસના કેટલાક મુદ્દાઓ બોમ્બે હાઈકોર્ટના પ્રાદેશિક અધિકારક્ષેત્રની બહાર આવતા હોવાથી આ મંજૂરી જરૂરી હતી. હવે આ મામલો વચગાળાની રાહત માટે જસ્ટિસ માધવ જામદાર સમક્ષ રજૂ થવાની શક્યતા છે.

અરજીમાં શ્રુતિ હસને જણાવ્યું છે કે, તેની મંજૂરી વિના તેનાં નામ, તસવીર અને ચહેરાનો ઉપયોગ કરીને એઆઈ આધારિત ડીપફેક અને મોર્ફ્ડ કન્ટેન્ટ તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં અન્ય કલાકારો સાથેનાં ખોટા રોમેન્ટિક સંબંધો દર્શાવતા વીડિયો, નકલી અશ્લીલ તસવીરો તેમજ જાતીય રીતે સ્પષ્ટ વીડિયો અને તસવીરોનો પણ સમાવેશ થાય છે.

અરજીમાં જણાવાયું છે કે, "કેટલીક સંસ્થાઓ એઆઈ અને ડીપફેક ટેન્કોલોજીનો ઉપયોગ કરીને શ્રુતિ હસનના ચહેરાને મોર્ફ અથવા સુપરઈમ્પોઝ કરીને અશ્લીલ અને અપમાનજનક વીડિયો તથા તસવીરો બનાવી રહી છે." શ્રુતિએ પોતાની ઓળખ અને વ્યક્તિત્વના ગેરકાયદે ઉપયોગ પર પ્રતિબંધ મુકવાનો આદેશ આપવા હાઈકોર્ટને વિનંતી કરી છે. તેનાં મતે આવી સામગ્રી તેનાં વ્યક્તિત્વ, પબ્લિસિટી અને નૈતિક અધિકારોનું ઉલ્લંઘન કરે છે. પ્રતિવાદીઓમાં મહાલક્ષ્મી આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ વર્ક્સનું પણ નામ છે. કંપની પર ફ્લિપકાર્ટ પર શ્રુતિ હસનનાં નામ અને તસવીરવાળાં પોસ્ટર્સ તેની મંજુરી વિના વેચવાનો આરોપ છે. આ ઉપરાંત અનેક સેલિબ્રિટી બુકિંગ અને એન્ડોર્સમેન્ટ પ્લેટફોર્મ્સ, ફેશન અને જ્વેલરી વ્યવસાયો તેમજ યુટ્યુબ, ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, એક્સ અને પિન્ટરેસ્ટ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને પણ કેસમાં પક્ષકાર બનાવવામાં આવ્યા છે. શ્રુતિનો આરોપ છે કે, આ પ્લેટફોર્મ્સ તેનાં અધિકારોનું ઉલ્લંઘન કરતી સામગ્રીને હોસ્ટ અથવા પ્રસારિત કરે છે. તેણે આવી તમામ સામગ્રી તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપવા અદાલતને વિનંતી કરી છે.

અરજીમાં જણાવાયું છે કે, હિન્દી, તમિલ, તેલુગુ અને અંગ્રેજી ફિલ્મો ઉપરાંત સંગીત અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સ દ્વારા શ્રુતિ હસનના નામને વિશેષ વ્યાવસાયિક મૂલ્ય અને આગવી ઓળખ મળી છે. તેણે દલીલ કરી છે કે તેની જાહેર ઓળખ સાથે જોડાયેલાં નામ, તસવીર અને અન્ય ઓળખપાત્ર લક્ષણોનો કોઈપણ અનધિકૃત વ્યાવસાયિક ઉપયોગ તેનાં અધિકારોનાં ઉલ્લંઘન સમાન છે.

વલસાડ જિલ્લા ભાજપ દ્વારા

# ‘હર ઘર તિરંગા’ અને ‘તિરંગા યાત્રા’ સંદર્ભે શ્રી કમલમ્ વલસાડ ખાતે અગત્યની બેઠક યોજાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી તથા પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોનના પ્રભારી શ્રી પ્રશાંતભાઈ કોરાટની સૂચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ વલસાડ જિલ્લા ભાજપ મુખ્ય કાર્યાલય ‘શ્રી કમલમ’ ખાતે એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠક વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં પ્રદેશ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન) તેમજ જિલ્લાના પ્રભારી શ્રી વિનયભાઈ શુક્લા ખાસ વિશેષ ઉપસ્થિતિમાં રહ્યા હતા, ‘આગામી રાષ્ટ્રીય પર્વ નિમિત્તે યોજાનાર ‘હર ઘર તિરંગા’ અને ‘તિરંગા યાત્રા’ કાર્યક્રમોને સમગ્ર જિલ્લામાં ભવ્ય અને સફળ બનાવવા માટે આ બેઠકમાં વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. બેઠકના મુખ્ય મુદ્દાઓ અને માર્ગદર્શન, હર ઘર તિરંગા અને તિરંગા યાત્રા (૧૧, ૧૨ અને ૧૩ ઓગસ્ટ)

આગામી તારીખ ૧૧, ૧૨ અને ૧૩ ઓગસ્ટ દરમિયાન જિલ્લાના દરેક મંડળોમાં ‘હર ઘર તિરંગા’ અને ‘તિરંગા યાત્રા’નું ભવ્ય આયોજન કરવા માટે જિલ્લા પ્રભારી શ્રી વિનયભાઈ શુક્લા, જિલ્લા પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા અને પ્રદેશ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન) એ હાજર હોદ્દેદારો અને કાર્યકર્તાઓને જરૂરી સૂચનો તથા માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

**વિભાજન વિભીષિકા દિવસ (૧૪મી ઓગસ્ટ):** ૧૪મી ઓગસ્ટના રોજ ‘ વિભાજન વિભીષિકા દિવસ’ અંતર્ગત યોજાનાર વિવિધ કાર્યક્રમો અને તેની ગંભીરતા તથા મહત્વ વિશે પણ બેઠકમાં ઉપસ્થિત નેતૃત્વ દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લાના મહામંત્રીશ્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી નિખિલભાઈ ચોકસી, શ્રી વિપુલભાઈ ભોયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી સહિત વાપી મહાનગરપાલિકાના મેયરશ્રી, જિલ્લાની નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, વિવિધ મંડળ,મોરચાના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, જિલ્લા મીડિયા, સોશિયલ મીડિયા અને આઇ.ટી.ના કન્વીનરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકના અંતે જિલ્લાના તમામ કાર્યકર્તાઓને દેશભક્તિના આ મહાપર્વમાં ઉત્સાહભેર જોડાઈને કાર્યક્રમોને સફળ બનાવવા માટે આહ્વાન કરવામાં આવ્યું હતું.

ધરમપુરની પીએમશ્રી ઈએમઆરએસ ખાતે

# વલસાડ જિલ્લા કલેક્ટરનીતિન સાંગવાનની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ લેવલ મેનેજમેન્ટ કમિટીની બેઠક યોજાઈ

## શાળાના નવનિર્માણ, હોસ્ટેલ નિરીક્ષણ અને શૈક્ષણિક ગુણવત્તાની કલેક્ટર દ્વારા સઘન સમીક્ષા કરાઈ





## વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી જિલ્લા કલેક્ટરે ગણિત, વિજ્ઞાન તેમજ ભાષા વિષયોમાં વિદ્યાર્થીઓના જ્ઞાન અને શિક્ષણના સ્તરની ચકાસણી કરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત પીએમશ્રી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS) ખાતે જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાનની અધ્યક્ષતામાં ‘ડિસ્ટ્રિક્ટ લેવલ મેનેજમેન્ટ કમિટી (DLMC) ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય હેતુ શાળાના સર્વાંગી વિકાસ અને બાળકોને ઉચ્ચ કક્ષાનું શૈક્ષણિક વાતાવરણ પૂરૂં પાડવાનો હતો.

બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ શાળાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાકીય) વિકાસ અંગે વિગતવાર સમીક્ષા કરી જણાવ્યું કે, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી તમામ મૂળભૂત ભૌતિક સુવિધાઓ સત્વરે મળી રહે તે અત્યંત જરૂરી છે. આ સંદર્ભે તેમણે શાળાના નવા ભવન નિર્માણનું કામ વહેલી તકે શરૂ કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.

બેઠક પૂર્ણ થયા બાદ, કલેક્ટરશ્રીએ સમગ્ર શાળા પરિસર અને હોસ્ટેલની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. તેમણે વિદ્યાર્થીઓની રહેવા-જમવાની વ્યવસ્થાઓ તથા સ્વચ્છતાનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેમણે વર્ગખંડોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે ઉત્સાહપૂર્વક સીધો સંવાદ સાધ્યો હતો.

વર્ગખંડ મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીઓને અંગ્રેજી, હિન્દી, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાંથી પ્રશ્નો પૂછીને તેમની વિષય સમજ અને જ્ઞાનનું સ્તર ચકાસ્યું હતું. વિદ્યાર્થીઓએ આપેલા સચોટ અને આત્મવિશ્વાસપૂર્ણ ઉત્તરોથી પ્રભાવિત થઈને કલેક્ટરશ્રીએ બાળકાની હોશિયારી તેમજ શાળાના આચાર્યશ્રી, શિક્ષકો અને સમગ્ર સ્ટાફની નિષ્ઠાપૂર્વકની કામગીરીને બિરદાવી હતી.

# વાપી એલજી હરિયા સ્કૂલના વિદ્યાર્થીઓ ઈન્ટર સ્કૂલ વકૃત્વ અને ક્વિઝ સ્પર્ધામાં ઝળક્યા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલની પ્રગતિ ૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સેલવાસ સ્થિત પ્રભાત સ્કોલર્સ એકેડેમી, દ્વારા આયોજિત ઈન્ટર સ્કૂલ વક્તૃત્ત્વ સ્પર્ધા અને ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓનું સુંદર પ્રદર્શન રહ્યું.

શાળાના ગૌરવશાળી વિજેતાઓમાં ગ્રુપ ૧માં વકૃત્ત્વ સ્પર્ધામાં ધોરણ ૪ ની કુમારી સીયા પટેલ, ગ્રુપ ૨ માં વકૃત્ત્વ સ્પર્ધામાં ધોરણ ૭ ની કુમારી આન્યા રાય, દ્વિતીયક્રમ. ગ્રુપ ૩ ક્વિઝ કોમ્પિટિશનમાં માસ્ટર ધોરણ ૧૦ ના અનમોલ શ્રીવાસ્તવ અને માસ્ટર રિશી મિશ્રા ધોરણ ૧૧, ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને શ્રી કૌશિક હરિયા એજ્યુકેશન ફાઉન્ડેશનના ચેરમેન શ્રી એ.કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બિમલ હરિયા અને શાળાના આચાર્યા શ્રીમતી બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સુરતના પાર્લે પોઈન્ટ ખાતે વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની ઉપમી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ત્રિ-દિવસીય ગુણાનુવાદ પ્રવચન તથા વિરાટ સભાનું આયોજન

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

ધર્મનગરી સુરતના પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલા વિજય રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવન ખાતે જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, વિશ્વપ્રસિદ્ધ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની ૩૫મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ‘ગુરુગુણગંગા’ ત્રિ-દિવસીય ગુણાનુવાદ પ્રવચન શ્રેણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રિ-દિવસીય કાર્યક્રમ ચાતુર્માસ સ્થિત દીક્ષાયુગ પ્રવર્તક ‘સૂરિરામચંદ્ર’ સમુદાયવર્તી આધ્યત્મિક પ્રવચનકાર પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય રત્ન, પ્રવચનપ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિજય પુણ્યરાશિતસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં યોજાશે.

**કાર્યક્રમની વિગતવાર માહિતી :** પ્રથમ દિવસ (અષાઢ વદ-૧૧, રવિવાર, તા. ૯ ઓગસ્ટ) સવારે ૯:૦૦ કલાક, ચાલો પુણિયા શ્રાવક જેવું સામાયિક કરીએ શીર્ષક હેઠળ સમૂહ સામાયિકની આરાધના સાથે ‘મોક્ષનું પરમ અંગ સામાયિક’ વિષય પર તાત્વિક પ્રવચન યોજાશે.

બપોરે ૩:૦૦ કલાકે ‘ગુરૂ મળશે તો આવા મળશે’ વિષય પર ગુણાનુવાદ પ્રવચન થશે.

દ્વિતીય દિવસ (અષાઢ વદ ૧૨,૧૩, સોમવાર, તા.૧૦ ઓગસ્ટ) સવારે ૯:૦૦ કલાકે ‘જિનશાસનજ્યોતિર્ધરશ્રીની ગુણગૌરવગાથા’ વિષય પર ગુણાનુવાદ પ્રવચન યોજાશે.

તૃતિય દિવસ (અષાઢ વદ-૧૪, મંગળવાર, તા.૧૧ ઓગસ્ટ- સ્વર્ગસ્થ સૂરિદેવની ૩૫મી સ્વર્ગારોહણ તિથિ) સવારે ૯:૦૦ કલાકે ‘દીક્ષાયુગ પ્રવર્તક સૂરિદેવની શાસન આરાધના-પ્રભાવના પ્રરક્ષા વિષય પર વિશેષ ગુણાનુવાદ પ્રવચન. બપોરે ૧૧:૩૦ કલાકે સમૂહ આયંબિલ તપની ભવ્ય આરાધના. સાંજે ૬:૩૦ કલાકે શ્રી મહાવીરસ્વામી જિનાલય ખાતે પરમાત્માને ભવ્ય આંગી તથા સામૂહિક સંધ્યા ભક્તિનું આયોજન.

**વિરાટ ગુણાનુવાદ સભાઃ** અષાઢ વદ-અમાસ, બુધવાર, તા.૧૨ ઓગસ્ટ, સવારે ૯:૦૦ કલાકે ચાલુ વર્ષે સુરત શહેરમાં ‘સૂરિરામચંદ્ર’ સમુદાયના ચાતુર્માસ બિરાજમાન ૧૧ જૈનાચાર્યોની પ્રભાવક નિશ્રામાં સુરતના વૈભવશાલી વેસુ વિસ્તારમાં આવેલા ‘મુક્તિમહાનગરી’ ખાતે વિરાટ ગુણાનુંવાદ સભાનું આયોજન થશે, જેમાં સુરત શહેરના અનેક સંઘોના ગુરૂભક્તો મોટી સંખ્યામાં હાજરી આપશે.ગુણાનુવાદ પ્રવચનનું શ્રવણ એ ગુણપ્રાપ્તિનો અમોઘ ઉપાય છે.

આ ત્રિ-દિવસીય ‘ગુરુગુણગંગા’માં સ્નાન કરવાનો અને ભાવભક્તિપૂર્વક આરાધના કરવાનો અમૂલ્ય અવસર નહી ચૂકવા તમામ જૈન ધર્માનુરાગીઓને વિનંતી કરાઈ છે.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય તરીકે પ્રદીપભાઈ પટેલની નિમણૂક

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**



ધરમપુર તાલુકાના ભાંભા ગામના યુવા શિક્ષણપ્રેમી અને વિદ્યાર્થી નેતા શ્રી પ્રદીપભાઈ પટેલની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમની આ નિમણૂકથી ધરમપુર તાલુકા, વલસાડ જિલ્લો તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીવર્ગમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

શ્રી પ્રદીપભાઈ પટેલે પોતાના વિદ્યાર્થી જીવનથી જ વિદ્યાર્થી હિત અને ન્યાય માટે સતત સંઘર્ષ કર્યો છે. તેમણે ૨૦૧૫થી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) સાથે કાર્યકર તરીકે પોતાની સફરની શરૂઆત કરી હતી. ધરમપુર નગર મંત્રી, જિલ્લા સહ સંયોજક જેવી મહત્વપૂર્ણ જવાબદારી થકી વિદ્યાર્થી હિતના અનેક પ્રશ્નો માટે તેમણે આંદોલનામાં સક્રિય ભાગ લીધો હતો અને વિદ્યાર્થીઓના હકો માટે સતત અવાજ ઉઠાવ્યો હતો.

ABVPમાં તેમણે પ્રદેશ જનજાતિ સંયોજક તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી. વિદ્યાર્થી આગેવાન તરીકે તેમણે ૨૦૨૧માં દિલ્હી ખાતે જનજાતિ સંમેલનમાં આદિવાસી વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ કર્યુ હતું.

ધરમપુર તાલુકામાં વિદ્યાર્થીઓને રહેવાની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે વિદ્યાર્થી હોસ્ટેલની માંગ સાથે તેમણે સતત પ્રયત્નો કર્યા હતા. તેમના પ્રયાસોથી આજે આ હોસ્ટેલમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે નિવાસની સુવિધાનો લાભ લઈ રહ્યા છે.

આ ઉપરાંત ધરમપુર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ગ્રુપના માધ્યમથી અનેક વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે નિઃશુલ્ક સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્લાસિસ, માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડ્યો છે.

શિક્ષણ અને વિદ્યાર્થી કલ્યાણ ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાનને માન્યતા આપતાં ગુજરાત સરકારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય તરીકે તેમની નિમણૂક કરવામાં આવી છે. તેમની આ નિમણૂક બદલ વિવિધ સામાજિક, શૈક્ષણિક અને વિદ્યાર્થી સંગઠનો તેમજ શુભેચ્છકો દ્વારા અભિનંદન અને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:
દિપક સોલંકી - 98796 87316

# પંચાયતોમાં નાણાકીય ગેરરીતિ રોકવા સરકારનો મોટો નિર્ણય

## ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોમાં પારદર્શિતા વધારવા નવી વ્યવસ્થા અમલમાંઃ વાર્ષિક ઓડિટ બાદ હવે ફરજિયાત થશે ‘એગ્ઝિટ કોન્ફરન્સ’, ગેરરીતિ સામે તાત્કાલિક કાર્યવાહીનો માર્ગ ખુલશે

(સંપૂર્ણ સમાચાર સેવા)


**ગાંધીનગર,તા.૦૬:** ગુજરાતની પંચાયતી રાજ વ્યવસ્થામાં નાણાકીય પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. હવે રાજ્યની તમામ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનું વાર્ષિક ઑડિટ પૂર્ણ થયા બાદ ફરજિયાત રીતે ‘એગ્ઝિટ કૉન્ફરન્સ’ યોજવામાં આવશે. આ નવી વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ નાણાકીય ગેરરીતિઓને સમયસર ઓળખી જવાબદારો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાનો છે.

વિભાગ દ્વારા ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ, પંચાયતોનું ઑડિટ પૂર્ણ થયા બાદ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારી (DDO)ની અધ્યક્ષતામાં એગ્ઝિટ કૉન્ફરન્સ યોજાશે. આ બેઠકમાં સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગના ઑડિટ અધિકારીઓ દ્વારા ઑડિટ દરમિયાન સામે આવેલી ગંભીર બાબતોની સીધી રજૂઆત કરવામાં આવશે. અત્યાર સુધી પંચાયતોના ઑડિટ દરમિયાન નાણાકીય અનિયમિતતાઓ, નિયમોના ભંગ અથવા વહીવટી ખામીઓ સામે આવતી હતી, પરંતુ ઑડિટ રિપોર્ટ તૈયાર થવા અને ત્યારબાદ કાર્યવાહી શરૂ થવામાં ઘણી વખત વિલંબ થતો હતો. પરિણામે કેટલીક ગેરરીતિઓ સામે સમયસર પગલાં લેવામાં મુશ્કેલી પડતી હતી.

નવી વ્યવસ્થા હેઠળ હવે ઑડિટમાં સામે આવેલી ગંભીર બાબતો પર એગ્ઝિટ કૉન્ફરન્સ દરમિયાન જ ચર્ચા કરવામાં આવશે. તેમાં નાણાકીય ઉચાપત, નિયમ વિરુદ્ધ ખરીદી, ગેરરીતિપૂર્ણ ભરતી પ્રક્રિયા, વહીવટી બેદરકારી સહિતના મુદ્દાઓનો સમાવેશ થશે. જરૂરી જણાય તો જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પ્રાથમિકતાના ધોરણે શિસ્તભંગ, નિવારક અથવા કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ નિર્ણયથી પંચાયતોમાં કાર્યરત અધિકારીઓ અને કર્મચારીઓની જવાબદારી વધુ સ્પષ્ટ બનશે. સરકારી યોજનાઓ અને વિકાસ કાર્યો માટે ફાળવવામાં આવતા નાણાંનો યોગ્ય ઉપયોગ થાય તે માટે પણ આ વ્યવસ્થા મહત્વપૂર્ણ સાબિત થશે. ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, પીવાનું પાણી, સ્વચ્છતા અને અન્ય સુવિધાઓ માટે મળતા જાહેર ભંડોળના ઉપયોગ પર વધુ અસરકારક દેખરેખ રહેશે. સરકારનો હેતુ ઑડિટને માત્ર કાગળ પરની પ્રક્રિયા ન રાખી, પરંતુ ગેરરીતિ અટકાવવા અને વહીવટી સુધારા માટે અસરકારક સાધન બનાવવાનો છે.

# ધરમપુર-ટોકરપાડા ક્રોસિંગ પર ઝડપી કામગીરી દ્વારા રસ્તાનો મહત્વપૂર્ણ સંપર્ક પુનઃસ્થાપિત કરાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**







જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શનમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઝડપી કામગીરી હાથ ધરીને ધરમપુર મકડાન ધામની ટોકરપાડા રોડ પર નદીના ક્રોસિંગનું સફળતાપૂર્વક સમારકામ કરવામાં આવ્યું છે. આ ઝડપી હસ્તક્ષેપે સ્થાનિક લોકો માટે અવિરત કનેક્ટિવિટી સુનિશ્ચિત કરી છે.

ભારે વાહનો માટે આ નિચાણવાળું ક્રોસિંગ અત્યંત મુશ્કેલ બની ગયું હતુ. રસ્તાની ખરાબ અને અસમાન સપાટી પર માટી નાખવા માટે ડમ્પર ટ્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ટ્રક અને જેસીબી સહિતની જરૂરી મશીનરી તૈનાત કરીને કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ટીમોએ અત્યંત કાર્યક્ષમતાથી કામ કરી, માટી પાથરીને સપાટીને સમતળ અને મજબૂત બનાવી હતી.

આખી કામગીરી ૪૦ મિનિટથી પણ ઓછા સમયમાં પૂર્ણ કરવામાં આવી હતી. ક્રોસિંગ એકદમ સમતળ અને વાહનો સરળતાથી પસાર થઈ શકે તેવું બની ગયું હતું. આ નોંધપાત્ર પરિવર્તન આ ૨૪.૧ કિમી લાંબા રોડ નેટવર્ક પર તમામ પ્રકારના વાહનો માટે ઝડપી માર્ગ સુનિશ્ચિત કરે છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM TULSIDAS RAMJI PATEL TO **NEW NAME TULSIDAS RAMJIBHAI PATEL ADD.**HOUSE NO. Q-22, PRAMUKH VIHAR, PHASE-3, NAROLI ROAD, SILVASSA-396230, UT OF DNH&DD

**ફેડબેંક ફાઈનાન્સિયલ સર્વિસીસ લિ. હરાજી નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છેકે, ફેડબેંક ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ એ એનપીએ (નોન-પર્ફોર્મિંગ એસેટ) અથવા માર્જિન ભંગ ખાતાઓ અથવા લોનના **નિયમો અને શરતો**માં ઉલ્લેખિત લોન રિકોલ કલમ હેઠળ આવતા કોઈપણ ખાતા(ઓ) (નીચે દર્શાવેલ) સાથે જોડાયેલા સોનાના દાગીનાની હરાજી કરવાનો નિર્ણય લીધો છે. હરાજી નીચે આપેલા સમયપત્રક મુજબ યોજાશે:

| લોન એકાઉન્ટ નંબર | બેઝ બ્રાન્ચ | જિલ્લા ૧ સંપર્ક | જિલ્લા હરાજી તારીખ |
|---|---|---|---|
| FEDGL05260004602<br>FEDGL05260004603 | સિલવાસા - 7622854705 | સિલવાસા - 7622854705 | 18/09/2026 |
| FEDGL05260007043<br>FEDGL05260007072<br>FEDGL05260007077<br>FEDGL05260007168 | સિલવાસા - 7622854705 | સિલવાસા - 7622854705 | 05/09/2026 |

સ્થળ અથવા તારીખમાં કોઈપણ ફેરફાર, જો કોઈ હોય તો તે અમારી વેબસાઈટ https://www.fedfina.com/gold-loan/special-sections/auction-venue/ પર પ્રદર્શિત કરવામાં આવશે. જે ગ્રાહક પોતાના ઘરેણાં મુક્ત કરવા માંગે છે, તેઓ ઉપરોક્ત કોઈપણ શાખાઓની મુલાકાત લઈ શકે છે અથવા હરાજીની તારીખ પહેલા/લાગુ નિયમો અને શરતોને આધિન ઉપરોક્ત નંબર પર સંપર્ક કરી શકે છે. હરાજી સંબંધિત જિલ્લાઓમાં હાથ ધરવામાં આવશે. જો કોઈ કારણોસર હરાજી આપેલ તારીખે પૂર્ણ ન થાય, તો ઉપરોક્ત સમયપત્રક મુજબ આગામી કાર્યકારી દિવસે જિલ્લા સ્તરે સંબંધિત હરાજી હાથ ધરવામાં આવશે. હરાજી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ હરાજી પ્રક્રિલા ચાલુ રહેશે. જો જિલ્લા સ્તરે પ્રથમ ઓફલાઈન હરાજી નિષ્ફળ જાય, તો હરાજી SAMIL https://gold.samil.in અને/અથવા ઈ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ (AuctionTiger) - https://egold.auctiontiger.net/ ના ઈ-હરાજી પ્લેટફોર્મ દ્વારા પણ શરૂ કરવામાં આવશે.
તમામ ભાગ લેનારા બોલી લગાવનારાઓને તેમના દ્વારા સબમિટ કરાયેલી બોલી સ્વીકારવા અથવા અસ્વીકાર કરવા અંગે પછીથી જાણ કરવામાં આવશે.

**તારીખ: ૦૬.૦૮.૨૦૨૬**
**સ્થળ: દાદરા અને નગર હવેલી**
**સહી/- અધિકૃત સહીકર્તા વતી,**
**ફેડબેંક ફાઈનાન્સિયલ સર્વિસીસ લિ.**

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વલસાડ જિલ્લામાં જ્ઞાન સહાયક યોજનાના બીજા તબક્કામાં ૯૫ ઉમેદવારોને શાળા પસંદગી બાદ નિમણૂક ઓર્ડર એનાયત કરાયા

## માધ્યમિક વિભાગના ૪૫ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૫૦, એમ કુલ ૯૫ ઉમેદવારોએ મેરિટના આધારે પોતાની પસંદગી મુજબ શાળાની પસંદગી કરી





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલી ‘જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)’ અંતર્ગત સમગ્ર શિક્ષા, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શહેરની આર.જે.જે. સ્કૂલ ખાતે ભરતી પ્રક્રિયાના બીજા તબક્કાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

જ્ઞાન સહાયક યોજનાનો મુખ્ય હેતુ રાજ્યની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો છે. સમગ્ર ભરતી પ્રક્રિયા રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ સંપૂર્ણ પારદર્શિતા અને મેરિટના ધોરણે હાથ ધરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી, વલસાડ ડૉ.રાજેશ્રી એલ. ટંડેલની ઉપસ્થિતિમાં ઉમેદવારો માટે શાળા પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બીજા તબક્કામાં માધ્યમિક વિભાગના ૪૫ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના ૫૦, એમ કુલ ૯૫ ઉમેદવારોએ મેરિટના આધારે પોતાની પસંદગી મુજબ શાળાની પસંદગી કરી હતી. શાળા પસંદગી પૂર્ણ થયા બાદ તમામ ઉમેદવારોને ૧૧ માસના કરાર આધારિત જ્ઞાન સહાયક તરીકે નિમણૂક ઓર્ડર એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ડૉ. રાજેશ્રી એલ.ટંડેલે નિયુક્ત જ્ઞાન સહાયકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, શિક્ષક સમાજના ઘડવૈયા છે અને જ્ઞાન સહાયક તરીકેની જવાબદારી માત્ર વિષય જ્ઞાન પૂરતી મર્યાદિત નથી, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, સંસ્કાર સિંચન અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવાની પણ છે.તેમણે તમામ જ્ઞાન સહાયકોને નિષ્ઠા, પ્રામાણિકતા અને સમર્પણભાવથી ફરજ બજાવવા અનુરોધ કર્યો હતો.

આ સમગ્ર ભરતી પ્રક્રિયાનું આયોજન જ્ઞાન સહાયક ભરતીના જિલ્લા નોડલ અધિકારી તથા શિક્ષણ નિરીક્ષક શ્રી બિપીનભાઈ પટેલના માર્ગદર્શન અને સંકલન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. ઉમેદવારોની હાજરી, દસ્તાવેજોની ચકાસણી, મેરિટ મુજબ શાળા પસંદગી અને નિમણૂક ઓર્ડર વિતરણ સહિતની સમગ્ર કામગીરી પારદર્શક, સુવ્યવસ્થિત અને સમયબદ્ધ રીતે સંપન્ન કરવામાં આવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, વલસાડના અધિકારીઓ અને કર્મચારીઓના સંયુક્ત પ્રયાસોથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ ભરતીથી જિલ્લાની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ કાર્યને વધુ મજબૂતી મળશે તેમજ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળશે.

# વાપી છીરી વલ્લભનગરમાં મનપા દ્વારા રોડ મરામતની કામગીરીમાં બે જૂથો ટકરાયા: પોલીસ કાફલો ધસી આવ્યો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**


વાપી છીરી ગામે આવેલ વલ્લભનગરમાં મુખ્ય રસ્તો ચોમાસામાં અત્યંત ખખડધજ થઈ ગયો હતો. ખરાબ રસ્તા અંગે સ્થાનિક નિવાસીઓ દ્વારા મરામત કરવાની વારંવાર ફરિયાદો કરવામાં આવી હતી. તેથી મહાનગરપાલિકા દ્વારા જેસીબી સાથે રસ્તો સમતલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી પરંતુ ઘટનામાં યુ ટર્ન આવી ગયો હતો. બે જુથો વચ્ચે ટકરાવ શરૂ થયો હતો તેથી મામલો સંભાળવા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.

છીરી વલ્લભનગરમાં ખાડા પડી તૂટી ગયેલા રોડને સમતલ

**ખરાબ રસ્તાની વ્યાપક ફરિયાદો બાદ મનપાએ રોડ મરામતની કામગીરી શરૂ કરી ત્યાં મામલો ઉગ્ર બન્યો**

કરવામાં મનપાની ટીમ જેસીબી સાથે વલ્લભનગરમાં પહોંચી હતી તે દરમિયાન પેચીદી સ્થિતિ સર્ચાઈ હતી. બે જુથો સામસામે ટકરાયા હતા. એક જુથ રોડ બનાવવાના પક્ષમાં હતું તો બીજુ જુથ રોડ બનાવવાનો વિરોધ કરતું હતું. પરિસ્થિતિ બોલાચાલીથી આગળ વધી જતા અંતે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને દરમિયાનગીરી શરૂ કરી હતી. પરંતુ બે જુથના ટકરાવમાં રોડની જમીન ખાનગી માલિકીની હોવાથી વિવાદ સર્જાયો હતો તેવું પ્રાથમિક તબક્કે જાણવા મળેલ ખાનગી માલિકીની જમીન હોય તો રોડ બનાવતી વખતે કેમ વિરોધ થયો નહોતો તે પણ તપાસનો વિષય છે.

# વલસાડ નાની ખત્રીવાડ મિતુલ ચેમ્બરને તસ્કરોએ નિશાન બનાવી: પાંચ જેટલી દુકાનના શટર તોડી તસ્કરો હાથફેરો કરી ગયા





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

વલસાડ નાની ખત્રીવાડ વિસ્તારમાં આવેલ મિતુલ ચેમ્બર નામના માર્કેટમાં ભોંયતળીયે આવેલ દુકાનોને વિતેલી રાત્રીએ નિશાન બનાવી હતી. પાંચ જેટલી દુકાનના શટર તોડી તસ્કરો હાથ ફેરો કરીને રાત્રે અંધારામાં ફરાર થઈ ગયા હતા. ચોરીની ઘટના સવારે માલુમ પડતા કોમ્પલેક્ષના વેપારીઓમાં ચકચાર મચી ગઈ હતી.

વલસાડ ખત્રીવાડમાં મિતુલ ચેમ્બરના ભોંયતળીયે સામસામે દુકાનોની લાઈન છે. ચોમાસાનો સમય છે, ચેમ્બરના ભોંયતળીયે ગલીમાં અંધારૂ રહે છે તેથી તસ્કરોએ મોકો ઝડપીને રાત્રે પાંચ જેટલી દુકાનોના શટર તોડી દુકાનમાં પ્રવેશી કિંમતી સામાન અને રોકડ ચોરીને તસ્કરો રાત્રે અંધારામાં ફરાર થઈ ગયા હતા. સવારે વેપારીઓ દુકાન ખોલવા આવ્યા ત્યારે શટર તૂટેલા જોતા જ ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. સીટી પોલીસ ઘટના સ્થળે પહોંચીને શું શું ચોરાયું છે તેની તપાસ હાથ ધરી હતી.

# વલસાડમાં સંતો વીએચપીના કાર્યકરોએ દિલ્હીમાં સાંસદ પપ્પુ યાદવે સનાતનના કરેલા અપમાન સામે આવેદનપત્ર આપ્યું

## સાંસદ પપ્પુ યાદવ સહિત વિપક્ષી નેતાઓ સામે કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

તાજેતરમાં સંસદ ભવનના પરિસરમાં સાંસદ પપ્પુ યાદવે ભગવાનશ્રી રામની તસવીર અને રામ મંદિરની પ્રતિક દાન પેટી સાથેનું નિંદાજનક પ્રદર્શન કર્યુ હતું. વિપક્ષોના તમામ સાંસદોની ઉપસ્થિતિમાં સનાતનનું જાહેરમાં અપમાન કર્યુ હતું. તેના ઘેરા પ્રત્યાઘાત દેશના હિંદુઓમાં પડ્યા છે. ઠેર ઠેર આંદોલન ચાલી રહ્યા છે. આજે વલસાડમાં સંતો અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોની મિટીંગ યોજાઈ હતી. જેમાં પપ્પુ યાદવે કરેલા સનાતન વિરોધી દેખાડાને વખોડી કાઢ્યો હતો.મિટીંગ બાદ સંતો અને વી.એચ.પી. કાર્યકરોએ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યુ હતું.

વલસાડમાં મળેલ સંતો અને વી.એચ.પી. કાર્યકરોની મિટીંગમાં પપ્પુ યાદવે સનાતનનું કરેલ ઘોર અપમાનને વખોડી કાઢ્યું હતું. પપ્પુ યાદવ સહિત સંસદ પરિષદમાં ઉપસ્થિત અન્ય વિપક્ષી સાંસદો સમે કાનૂની કાર્યવાહી કરવાની માંગણી સાથે વલસાડ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

સંતોએ જણાવ્યું હતું કે, સનાતન વિરુદ્ધ હજારો વર્ષોથી ષડયંત્રો ચલાવાઈ રહ્યા છે, પરંતુ સનાતન શાશ્વત છે. હિંદુઓની આસ્થા ભગવાન પ્રત્યે અતૂટ અને નિષ્ઠા ભરેલી છે. તેથી સનાતન અજય અમર છે અને રહેશે.

# વલસાડમાં બ્લિંક કોમર્સનો ફૂગ વાળી બ્રેડનો વિડીયો વાયરલ થતા તંત્ર દ્વારા તપાસ





## ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તિથલ રોડ પર ગોડાઉનમાંથી બ્રેડ સિવાય પણ અન્ય ખાદ્ય સામગ્રીના નમૂના લેવાયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

વલસાડના તિથલ રોડ પર આવેલા બ્લિંક કોમર્સ પ્રા.લિ.નો ફૂગવાળી બ્રેડનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સ્વાસ્થ્યને હાનિકારક ખાદ્ય ચીજનું વેચાણ થયા અંગેની ફરિયાદ ઉઠી હતી. જેની ફરિયાદ વલસાડ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રને મળતા તા. ૦૬/૦૮/૨૦૨૬ના રોજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસરશ્રી એ.આર.વલવીના માર્ગદર્શન હેઠળ ફૂડ સેફટી ઓફિસર કુ.બી.કે.પટેલ દ્વારા આ પેઢીની તપાસ હાથ ધરવામાં આવી હતી.

તંત્રની તપાસ દરમિયાન ફરીયાદ વાળી Super Crustless Sandwich Bread (from 250g co.pack packet), Batch No-AH 02, USE BY:08/08/2026નો એન્સફોર્ટમેન્ટ (રેગ્યુલર)નમુનો લેવામાં આવ્યો હતો. આ પેઢીમાં આ સિવાય પણ અલગ અલગ પ્રકારની ચીજ વસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. જે પૈકી 1. BETTER NUTRITION BAJRA Atta અને 2. PATANJALI GROUND-NUT OILના સર્વેલન્સ નમુના પણ લેવામાં આવ્યા હતા. જે નમુનાઓ લેબોરેટરીમાં પૃથ્થકરણ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. એવું ડેઝીગ્નેટેડ ઓફિસર,ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

વાંદરો બુઢ્ઢો થાય પણ ગૂલાટી મારવાનું ન ભૂલે

# પારડીમાં યુવતીની છેડતી કરનારને ગણતરીની કલાકોમાં ઝડપતી પોલીસ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૬**

પારડી શહેર વિસ્તારમાં રહેતી એક યુવતી તારીખ ૫/૮/૨૦૨૬ના રોજ રાત્રે ૮:૧૫ કલાકે પોતાના ફળિયામાં બનાવેલ સરકારી બાથરૂમમાં ગઈ હતી. આ દરમિયાન મહેશભાઈ રામજીભાઈ પટેલ નામનો એક ઈસકી મજનું બાથરૂમ પાસે આવી બાથરૂમનો દરવાજો ખોલવાનો પ્રયત્ન કરતો હતો.

યુવતી બાથરૂમમાંથી બહાર નીકળતા આ ઈસકી મજનું મહેશે યુવતીને ગંદા ઈશારા કરી બાથરૂમમાં આવવા જણાવી હાથ



પકડીને છેડતી કરતા ગભરાઈ ગયેલ યુવતીએ બૂમાબૂમ કરતા આજુબાજુ રહેતી મહિલાઓ દોડી આવતા આ ઈસકી મજનું મહેશ યુવતીને જનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો. આ અંગેની ફરિયાદ યુવતીએ પારડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવતા હરકતમાં આવેલ પારડી પોલીસે પારડી પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી વાય.બી.ગોહિલના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક પગલાં લઈ ગણતરીના કલાકામાં આરોપી મહેશને ઝડપી લઇ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

આ અંગેની વધુ તપાસ પારડી પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ જીનલ એચ.શાહ કરી રહ્યા છે.

# વલસાડ કૈલાસ રોડ ઉપર ખરાબ રસ્તામાં બાઈક સ્લીપ થતા પડી ગયેલા યુવાન ઉપર ટ્રેક્ટર ફરી વળતા કરુણ મોત




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

વલસાડ કૈલાસ રોડ ઉપર ગુરુવારે સાંજના ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ખરાબ રોડ, ખાડા કાદવ વચ્ચે બાઈક ચલાવી રહેલ યુવકનું બાઈક સ્લીપ થઈ જતા યુવક નીચે પડી ગયો હતો. આગળથી આવી રહેલ ટ્રેક્ટરનું ટાયર યુવક ઉપર ફરી વળતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. લોકોએ યુવાનને સિવિલમાં ખસેડ્યો, સિવિલમાં ટુંકી સારવારમાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો.

વલસાડ કૈલાસ રોડ ઉપર ગુંદલાવથી વલસાડ આવવા માટે બાઈક નં.જીજે ૧૫ ઈઆર ઉપર

**સાહિલ શંકર સોહાની નામનો યુવક ગુંદલાવથી વલસાડ આવી રહ્યો હતો ત્યારે સર્જાયેલ અકસ્માત**

સવાર થઈ ૪૦ વર્ષિય યુવાન સાહિલ શંકર સોહાની સાંજના સમયે નિકળ્યો હતો. કાદવ-કીચડ ખાડાવાળા રસ્તામાંથી પસાર થતા બાઈક સ્લીપ થઈ જતા સોહિલ નીચે પટકાયો હતો તે દરમિયાન સામેથી આવી રહેલ ટ્રેક્ટર નં.જીજે ૧૫ સીઆર ૯૩૭૬ નું ટાયર સોહિલ ઉપર ફરી વળતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. ભેગા થયેલા લોકોએ સોહિલને ૧૦૮ થી સિવિલમાં સારવાર માટે તાત્કાલિક ખસેડ્યો હતો. સિવિલમાં ટુંકી સારવારમાં સોહિલે દમ તોડી દેતા તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. વલસાડમાં ખરાબ રોડે આશાસ્પદ યુવાનનો જીવ લેતા ઘટનાથી લોકોમાં વ્યાપક રોષ ફેલાયો હતો.

# નાનાપોંઢા મોટી વહિયાળમાં રસોડામાં ઊંદરના દરમાંથી ચાકરણ સાપના નર-માદા સાથે ૨૨ બચ્ચા મળી આવ્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૦૬:** નાનાપોંઢા મોટી વહિયાળ ગામમાં ચોંકાવનારી ઘટના બની હતી. ઘરના રસોડામાં ઉંદરના દરમાંથી એક-બે નહી પણ નર-માદા બચ્ચા મળી ચાકરણના ૨૨ નંગ મળી આવતા ગામમાં ઘટનાએ ભારે ચકચાર મચાવી હતી. નાનાપોંઢા મોટી વહિયાળ ગામે ચીચવાડા ફળીયામાં રહેતા સુભાષ હરેશભાઈના રસોડામાં આવેલ ઉંદરના દરમાંથી એક સાપ દેખાઈ આવતા વાઈલ્ડ લાઈફ ટીમને ઘટનાની જાણ કરી હતી. વાઈલ્ડ લાઈફના દિનેશભાઈ અને મુકેશભાઈની ટીમ ઘટના સ્થળે આવી હતી. પાવડા-ત્રિકમથી ઉંદરના દરને ખોદકામ કરતા અધધ ચાકરણ નર-માદા અને બચ્ચા મળી ૨૨ નંગ મળી આવ્યા હતા. સલામત પૂર્વક વાઈલ્ડ લાઈફ ટીમે રેસ્ક્યુ કરીને રેસ્ક્યુ કરીને બોક્ષમાં ભરીને જંગલમાં છોડી મુકવામાં આવ્યા હતા. જો કે ચાકરણ સાપ ઝેરી હોતા નથી પણ ઘરમાં ગમે ત્યારે નર-માદા છુપાઈ જાય તો સંખ્યાબંધ બચ્ચા પેદા કરતા હોય છે તેવુ આ ઘટનામાં જોવા મળ્યું હતું.




વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899
સુરેશ ઉમતિયા - 98259 89444